Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्टं
शुद्ध सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवन्ति॥१॥

पु. १४. } वीर संवत् २४४३ कार्तिक. आत्म सं. २१. } अंक ४ थो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ ... ... | ૭૯ | ૫ | યાત્રિક બંધુઓ અને બ્હેનોને ખાસ અગત્યની સૂચના .. ... | ૧૦૧ |
| | નવીન વર્ષારંભે આશીર્વચન | ૮૦ | ૬ | Necessit[illegible] [illegible]hawls for the poor middle class Jains in Bom[illegible] .. | ૧૦૫ |
| [illegible] | [illegible] મિમાંસા ... | ૮૧ | | | |
| ૪ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ૯૩ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આ. ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે ! જલદી મંગાવો. તૈયાર છે !

# વિજ્ઞપ્તિ ત્રિવેણિ.

## ( સંસ્કૃત ગ્રંથ )

### ( જૈન ઐતિહાસિક સાહિત્ય ગ્રંથ. )

આ અપૂર્વ ગ્રંથ જૈન **ઐતિહાસિક** સાહિત્યનો હોઇને આવી જાતનું પુસ્તક જૈનસાહિત્યમાં તો શું પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પણ હજુસુધી પ્રગટ થયું નથી. ઇતિહાસિક દૃષ્ટિએ આ ગ્રંથ ખરેખર મહત્વનો છે. તેમાં આવેલા વૃતાંત જૈન સમાજની તત્કાલિનસ્થિતિપર કેવું સરસ અજવાળું પાડે છે તે આ ગ્રંથનું અવલોકન કરે માલમ પડે તેવું છે. આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી એમ પ્રત્યક્ષ થાય છે કે તે સમય ભારતવર્ષ (હિંદુસ્તાનના)ના પ્રદેશોમાં જૈનધર્મનો કેવો વિશાળ પ્રચાર તેમજ સત્કાર હતો કે જેની આજ જૈનોને બીલકુલ ખબર નથી એટલું જ નહિં પરંતુ તે પ્રદેશની જૈન જાહોજલાલી–ગૌરવતાનો પણ અત્યારે બીલકુલ ખ્યાલ નથી. જૈનઇતિહાસના અને પ્રાચીન શોધ ખોળના શોખીનોને માટે એક આ ઉમદા તક અને સાધન છે.

આ ગ્રંથના સંપાદક શ્રી માન્‌મુનિરાજશ્રી **જિનવિજયજી** મહારાજ છે. આઠ ફોર્મના ગ્રંથ ઉપર ૧૨ ફોર્મની પ્રસ્તાવના લખી જૈન ઇતિહાસ ઉપર સારૂં અજવાળું ઉકત મહાત્માએ પાડેલું હોવાથી આ ગ્રંથની મહત્વતા તે ઉપરથી સહજમાં સમજાય તેમ છે. તેની પ્રસ્તાવના વિસ્તૃત, ચમત્કારિક, ઐતિહાસિક વાર્તાથી ભરપુર અને વિદ્વતા ભરેલ સુંદર હિંદિભાષામાં લખી સંસ્કૃત અને હિંદિભાષાના જાણકારોને ખાસ અવલોકવા લાયક થયેલ છે. પુસ્તક ઉંચા–મજબુત ગ્લેજ કાગળ ઉપર સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે. કિંમત. ( કપડાનું પુઠું ) રૂ. ૧–૦–૦ ( સાદુબાઇડીંગ ) રૂ. ૦–૧૪–૦ ( અમારે ત્યાંથી મળશે. ) પોસ્ટજ જૂદુ.

---

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ " સત્તરીય ઠાણ સટીક " | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ " રત્નશેખરી કથા " | શા. હીરાચંદ ગડેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત. |
| ૪ " દાનપ્રદીપ " | શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત. |
| ૫ " શ્રી મહાવીર ચરિત્ર " શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ " સંબોધ સિત્તરી સટીક " | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૭ " ષટ્‌સ્થાનક પ્ર–સટીક " | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઈ માંગરોળવાળા તરફથી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपातपीडितेन तदपनयनाय हेयोपादेयपदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४३, कार्त्तिक. आत्म संवत् २१. [ अंक ४ थो.


## प्रभुस्तुति.

શાર્દૂલવિક્રીડિત.

નિત્યે વિશ્વ બધું અનંત સુખથી આનંદ ચિત્તે ધરે,
ચિંતા ક્લેશ ઉપાધિ-આધિ સઘળી શાંતિ ક્ષમાથી હરે;
સર્વે વૈર વિના વસો હળી મળી સદ્ધર્મને સેવજો,
તેવી જે શુભ ભાવના ધરી રહ્યા તે વીર શર્ણે હજો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવીન વર્ષારંભે.

## આશીર્વચન.

### મંદાક્રાન્તા.

જે બોધે છે સકળ જનમાં પ્રેમની ભાવનાને,
જે અર્પે છે સકળ સુખના સાધનો સાધવાને;
પોકારે જે પરમ કરૂણા સર્વદા ચિત્ત સ્થાપો,
તે સર્વેને નવીન વરસે ધર્મ આનંદ આપો.

૨

જે [1]વર્ણાવે વિનય રસથી દાનના દિવ્ય ધર્મો,
ને પ્રીતિથી પર[2]–ઉપકૃતિ સાધનારા સુકર્મો;
જે આદેશે ભવિજન અરે દીનના કષ્ટ કાપો,
તે સર્વેને નવીન વરસે ધર્મ આનંદ આપો.

૩

જે ચારિત્રે સમકિત ભરી શીળ શોભા પ્રરૂપે,
જે [3]ઊદ્ધારે બહુ જન પડ્યા ઘોર સંસાર કૂપે;
ઊચ્ચારે જે જન હૃદયમાં ભાવના શુદ્ધ છાપો,
તે સર્વેને નવીન વરસે ધર્મ આનંદ આપો.

૪

જે બંધાવે [4]ઊભય તપના દુર્ગમાં બાર કોટ,
જ્યાં દેખીને [5]હૃદયરિપુઓ નાસતા મારી દોટ;
જે દર્શાવે નવપદ તણાં મંત્રના દિવ્ય જાપો,
તે સર્વેને નવીન વરસે ધર્મ આનંદ આપો.

૫

જેથી જામે સુગુરૂ **વિજયાનંદ** સૂરીશ ભક્તિ,
જેથી [6]વાધે હૃદયકમળે આત્મ–આનંદ શક્તિ;
જેને માટે **નરમદ** કહે માસીકે ધ્યાન આપો,
તે સર્વેને નવીન વરસે ધર્મ આનંદ આપો.

---

૧ વર્ણન કરી બતાવે. ૨ પરોપકાર. ૩ ઘોર સંસારરૂપી કૂવામાં પડેલા ઘણા જનનો જે ઉદ્ધાર કરે છે. ૪ બાહ્ય અને આંતર બંને પ્રકારના તપ બાર. ૫ અંતરના શત્રુઓ–કામ ક્રોધાદિ. ૬ વૃદ્ધિ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ મિમાંસા.

( ૬ )

કર્મના નિયમો એ પણ વિજ્ઞાનના નિયમો જેવા જ કાર્યકર ( practical ) છે અને એ નિયમોને સમજણપૂર્વક ગતિમાં મુકવાથી ધારેલું પરિણામ મેળવી શકાય છે. જેમ અમુક ભૌતિક નિયમોને અનુસાર અમુક પરમાણુઓનો સંયોગ કરવાથી તેમાંથી અમુક દ્રશ્ય ઉદ્ભવ પામે છે તેમ કર્મના પણ અમુક નિયમોને અનુસરીને અમુક પ્રકારની ચિત સ્થિતિ ધારણ કરવાથી ચોક્કસ પ્રકારનું પરિણામ મેળવી શકાય છે. હમે ઉપર સવિસ્તર દર્શાવી ગયા છીએ કે, વિચાર એ ચારિત્રનું નિયામક છે, અમુક પદાર્થ અથવા સ્થિતિ વિશેષની ઇચ્છા અથવા વાસના એ આત્માને એ પદાર્થ અથવા સ્થિતિ મેળવવાની તક શોધી આપે છે, અને સ્થૂળ, માનસીક અથવા આધ્યાત્મીક સુખનો આસ્વાદ અન્ય આત્માઓને કરાવવાથી મનુષ્ય તે તે પ્રકારનું સ્થૂળ, માનસીક અથવા આધ્યાત્મીક શુભ પરિણામ ઉપાર્જે છે.

પરંતુ વિજ્ઞાનના નિયમો કરતાં, કર્મના નિયમોને સમજવા અને તેને સમજીને અમુક પ્રકારનું પરિણામ ઉપજાવવું એ અતિ દુષ્કર છે એટલા જ માટે કોઇ ભુતકાળના મહાત્મા કર્મની ગહનગતિ છે, એ પ્રકારનું કથન વિશ્વને સંભળાવતા ગયા છે. અલબત વિજ્ઞાનના નિયમો પણ અતિ ગહન, અને અત્યંત પ્રયાસથી તેનું રહસ્ય મનોગત થઈ શકે તેવા કષ્ટસાધ્ય છે, તો પણ એ નિયમોનું પ્રવર્તન ક્ષેત્ર સ્થૂળ ભૂમિકા હોવાથી, અને સ્થૂળ પદાર્થો સ્થૂળ યંત્રોવડે માપી તોળી શકાય તેવા હોવાથી, તેના નિયમો અમુક પરિણામ ઉપજાવવા માટે ન્યુનાધિક અંશે નિર્ભ્રાન્તપણે યોજી શકાય છે, અને તેવું પરિણામ કદાચ ન આવે તો ભૂલ કયાં છે તે પણ તુર્ત પકડી શકાય છે. કર્મના નિયમો સંબંધે એમ નથી, એનું પ્રવર્તન ક્ષેત્ર એ આત્મદ્રવ્યની અરૂપી ભૂમિકા ઉપર હોવાથી, અને તેનું કાર્ય યંત્રવડે નહી માપી તોળી શકાય તેમ હોવાથી અમુક પરિણામ ઉપજાવવા માટે શું ઉપાય યોજવા એ નિર્ભાન્તપણે કહી શકાતું નથી. કેમકે દરેક માણસ એકજ કૃતિવડે એક સરખું પરિણામ કર્મના નિયમોને ગતિમાં મુકી ઉપજાવી શકતા નથી. એકલી કૃતિ અથવા નિયમની ગતિ ઉપર એ પરિણામનો આધાર નથી, પરંતુ કૃતિ કરનાર અથવા નિયમોને ગતિમાં મુકનારની આત્મસ્થિતિ ઉપર પણ એ પરિણામનો આધાર કોઇ અંશે રહે છે. હાઇડ્રોજન અને ઓક્સીજન વાયુનો અમુક પરિમાણમાં સંયોગ કરવાથી હું કે તમે જળના અણુને ઉપજાવી શકીએ, પરંતુ એક કલાક સંયમમાં બેસવાથી, અથવા મંત્ર જપવાથી, અથવા સામાયક આદિ વિધિમાં યોજાવાથી હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તમે સરખું ફળ મેળવી શકીશું નહીં. કેમકે એ ફળની ઘટનામાં ફાળો આપનાર તત્વો માત્ર સ્થૂળ નથી. આસન, મંત્રોચ્ચાર અથવા ક્રિયાકાંડ જ નથી, પરંતુ અનેક સૂક્ષ્મ સામગ્રીઓ એકત્ર થઇને એ પરિણામનો ઉદ્દભવ થાય છે. આથી કર્મના નિયમો સંબંધે એમ તો ન જ કહી શકાય કે અમુક અમુક કામ કરવાથી અથવા અમુક અમુક ભાવના ભાવવાથી અમુક પરિણામ તો જરૂર આવે જ. અનેક પ્રકારની વાસનાઓ, વિચારો, આકાંક્ષાઓ, ભાવનાઓ, ઇચ્છાઓ, અને કાર્યોનું એવું સંમિશ્રીત અને વિચિત્ર આંટીઘુંટીવાળું વણાટ ( web ) ઉત્પન્ન થાય છે કે એના અંગભૂત તત્વોનું પ્રથક્કરણ કરી તે દરેકને તેમના મૂળ સ્વરૂપમાં નિહાળવું એ સર્વજ્ઞ વિના અન્ય આત્માઓથી અશકય છે.

પરંતુ આ વિચારથી આપણે નિરાશ થઈ કાંઈ જ કરવા યોગ્ય નથી એમ નિશ્ચય કરવો એના જેવી મુર્ખાઈ ભાગ્યેજ બીજી હોઇ શકે. આ બધા નિયમોનો બને તેટલો બારીકીથી અને ચોકસાઇથી અભ્યાસ કરી, આપણા ચારિત્રને આપણે કેવી રીતે બને તેટલું ઉચ્ચ પ્રકારનું અને ઈશત્વના અંશવાળું બનાવવું એ પ્રત્યેક મનુષ્યના પુરૂષાર્થનો વિષય હોવો ઘટે છે. એ નિયમો સંપૂર્ણ સ્વરૂપે સમજી શકાય તેવી વર્તમાન કાળે આપણને માનસ સામગ્રી પ્રાપ્ત થઈ નથી, તેથી એ નિયમોના સ્વરૂપનો નિર્ધાર કરવા પ્રયત્ન જ ન કરવો એમ નથી. એથી ઉલટું સત્ય તો એ છે કે એ સંબંધી વિચાર કરતા કરતા જ આપણને આ કાળે આપણને હાલ ઉપલબ્ધ છે, તેટલી માનસશક્તિ મેળવી શકયા છીએ, અને વિશેષ કાળજી, અભ્યાસ, ખંત અને ચારિત્રથી હજી પણ અનેક ગૂઢ નિયમોને શોધી તેનો ઉપયોગ કરવા શક્તિમાન બનીશું. “ કર્મની ગતિ ગહન છે ” એ કથન કહેનારનો ઉદ્દેશ આપણને નિરાશ કરી નાખી એ સંબંધી વિચારમાં ન જ ઉતરવું એમ કહેવાનો નહોતો, પરંતુ “ હમે કર્મના બધા નિયમોને સમજી શકયા છીએ ” એવા અભિમાનમાં કોઇ અલ્પજ્ઞ પામર સંતોષ માની ન બેસી રહે તેટલા માટે હતો. કેમકે અલ્પજ્ઞતા જેવું ભયંકર અને પ્રાણઘાતક હથિયાર બીજું ભાગ્યે જ માલુમ પડે છે.

“ કર્મની ગતિ ગહન છે ” એમ કહીને બેસી રહેવું એ અલ્પજ્ઞતાનું ફળ છે. કોઇ વાતની ગહનતાથી અંજાઇ જઇ તેમાં ઉંડા ન ઉતરવું એ મનુષ્યની બુદ્ધિને મુદ્દલ શોભા આપનારૂં નથી. “ મારૂં પૂર્વકર્મ એ પ્રકારનું છે ” એમ બોલી સંતોષ માનનાર પોતાને અને વિશ્વને અન્યાય આપે છે. કેમકે પોતે નિયમનું અર્ધું સ્વરૂપ લક્ષ્યમાં રાખી બાકીના અર્ધ સ્વરૂપની ઉપેક્ષા કરે છે. “પૂર્વકર્મ આ પ્રકારે છે” એ ખરૂં છે પરંતુ એ પ્રકારને અન્યથા કરવાના સાધનો અને નિયમો અત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસ્તિત્વમાં નથી જ એમ માનવામાં અને પુરૂષાર્થહીન બનવામાં તે ઠગાય છે. અને પોતાના તેવા વર્તનથી વિશ્વને ખોટું દ્રષ્ટાંત આપી તેને પ્રવંચનામાં ઉતારે છે.

અલ્પજ્ઞતા મનુષ્ય પાસે એવું કાયરતાનું વાક્ય બોલાવે છે કે "હું મારા પૂર્વ કર્મને વશ છું." પરંતુ તે સાથે એટલુ વિચારવું ભૂલી જાય છે કે એ વખતે પોતે જે વલણ અથવા સ્થિતિને વશ છે તેનાથી વિરોધી વલણ અથવા સ્થિતિ પ્રયત્નદ્વારા પ્રાપ્ત થઈ શકે તેમ છે. એક માણસ નીસરણીના છેડે બેસીને એમ કહે કે " આ નીસરણીના પગથીઆ ઉપર ચઢી હું મેડી ઉપર જઇ શકીશ નહિ, કેમકે ગુરૂત્વાકર્ષણના નિયમાનુસાર પૃથ્વી એ મારા શરીર કરતાં મોટી વસ્તુ હોવાથી હું પૃથ્વીવડે આકર્ષાયેલો રહીશ અને તેથી ચઢવાનો પ્રયત્ન કરતા એ ગુરૂત્વાકર્ષણના નિયમના વર્તનદ્વારા હું અવશ્ય તુર્તજ હેઠો પડી જવાનો" તો આપણે તેને ગુરૂત્વાકર્ષણના નિયમનું અર્ધસ્વરૂપ સમજ્યો છે એમજ કહીશું. કેમકે એક પક્ષે જેમ એ નિયમ કામ કરે છે તેમ અન્ય પક્ષે આપણને પ્રાપ્ત થએલ સ્નાયુબળ પણ કામ કરે છે. અને એ નિયમના બળને આપણું સ્નાયુબળ પહોંચી શકે તો જરૂર આપણે મેડી ઉપર ચડી શકવાના. બન્ને વિરોધી બળોની અથડામણીમાં જે બળ ઉચ્ચ પ્રભાવવાળું ઠરે તે જરૂર વિજય પામવાનું એમાં કાંઇ શક નથી. આથી એક પ્રકારના સામર્થ્યને ગતિમાન નિહાળી નિરાશ થવાના બદલે તેનાથી વિરોધી સામર્થ્યને સવિશેષ શક્તિપણે યોજવાથી પૂર્વનું સામર્થ્ય પરાસ્ત થાય છે અને ઉત્તરનું સામર્થ્ય પોતાનો પ્રભાવ બેસારી શકે છે. પૂર્વકર્મ પણ એક પ્રકારનું આપણે આપણી વાસનાથી પૂર્વ કાળે ગતિમાં મુકેલું બળ વિશેષ છે અને એની ગતિનો પ્રતિદ્વંદી પ્રવાહ તેની સામે મુકવાથી એ બન્નેની અથડામણી થઇ વધારે બળવાન પ્રવાહ પોતાની દીશામાં ઓછા બળવાન પ્રવાહને લેતો ચાલે છે. આમ હોઈને, આપણા પૂર્વકર્મના પ્રભાવથી પરાસ્ત પામી લમણે હાથ દઈ નિરાશ થવાને બદલે પુરૂષાર્થવડે એ કર્મને આપણને અનુકુળ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ.

આ કાળે આપણા સમાજમાં કોઇ પણ પ્રચલીત ભાવના શ્રાપરૂપ થઇ પડી હોય તો તે " પૂર્વકર્મ" ની છે. હજારો અલ્પજ્ઞ મનુષ્યો "પૂર્વકર્મ" ના બળને લક્ષ્યમાં રાખી તેની ગતિને વશ બની પોતાના આયુષ્યને નિષ્ફળ અને હેતુશૂન્ય બનાવી મુકે છે. પૂર્વકર્મની દીશાને નકી કરી, જો તે અનિષ્ટ હોય તો તેની વિરૂદ્ધની ગતિ ઉત્પન્ન કરવા અવશ્ય ડાહ્યા મનુષ્યોએ પ્રયત્ન આદરવો ઘટે છે. આ સૃષ્ટિ એ નિયમોની સૃષ્ટિ છે. એક નિયમની સામે બીજા ચોકસ નિયમને પ્રેરવાથી એ ઉભયની ગતિ વિરામ પામી જઇ કાંઇ પણ શુભાશુભ ફળ આપતી અટકી પડે છે. આથી પૂર્વકર્મની ભાવના સાથે વર્તમાન કર્મની ભાવનાને પણ નિરંતર લક્ષ્યમાં રાખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉભયમાંથી આપણા હિત અને કલ્યાણને અનુસરતું પરિણામ ફલીત કરવા વિવેક-પૂર્વક ઉદ્યમ કરવો ઉપયુક્ત છે.

કેટલીકવાર એવું પણ જોવામાં આવે છે કે એક અનિષ્ટ વાસના, ઇચ્છા, આકાંક્ષા અથવા લક્ષ્ય ઉપર અત્યંત ચિંતન કરવાથી અને તેની પ્રાપ્તિ માટે અશ્રાન્ત પ્રયત્ન કરવાથી તેનો સંસ્કાર આત્માના આંતરીક બંધારણમાં એવો દઢપણે જામી જાય છે કે અન્ય ભવમાં એ સંસ્કારને દૂર કરવો એ અત્યંત દુષ્કર થઇ પડે છે. બીજા સર્વ વિષયમાં એ મનુષ્ય ગમે તેટલો સંયમી, વિવેકી અને સ્થિર ચિત્તનો હોય, પરંતુ પેલા પૂર્વના જામેલા સંસ્કારના વિષય સંબંધે તેનું ચિત્ત એટલું બધું એકપક્ષી બની ગયું હોય છે કે ઘણો કાળ સુધી તે સંસ્કારનો પરાભવ કરવા સશકત બની શકતો નથી. એ સંસ્કારજન્ય કૃતિની અનિષ્ટતાથી તે અજ્ઞાત હોય છે એમ કાંઇ નથી. તે જામી ગયેલા સંસ્કારનું અથવા પૂર્વકર્મનું સ્વરૂપ તે યથાર્થ-ભાવે સમજી શકતો હોય છે, અને તેથી તેના પોતાના જીવનમાં કેટલી બુરાઇ વ્યાપી રહે છે તે પણ તે જોઇ શકતો હોય છે, છતાં તેને નીવારવા માટે કેટલોક કાળ સુધી તે આવશ્યક પુરૂષાર્થનો આવિર્ભાવ કરી શકતો નથી, અથવા કહો કે એ સંસ્કારનો સંપૂર્ણ પરાભવ કરવા માટે ઘટતા પુરૂષાર્થની કળાને પ્રગટાવી શકતો નથી. ઘણો કાળ સુધી એના એજ વિષયનાં ચિંતનના પરિણામે તેણે એક અનિવાર્ય ગતિવાળું પ્રચંડ બળ પ્રગટાવ્યું હોય છે અને વર્તમાનમાં તેના પ્રવાહને ખાલી રાખવો એ લગભગ અશકય બની ગયું હોય છે. કેમકે પુરૂષાર્થની ગમે તેટલી માત્રા એકજ કાળે, તે વધીને રાક્ષસી બનેલી વાસનાને કાબુમાં લાવી શકે તેમ હોતું નથી. આવા પ્રકારના કર્મને આપણા શાસ્ત્રકારોએ "નિકાચીત કર્મ" અર્થાત ભોગવ્યા વિના નજ ચાલે એવી સંજ્ઞાથી પ્રબોધેલું જણાય છે. પરંતુ ત્યાં પણ પુરૂષાર્થનો અનવકાશ સુચવવાનો શાસ્ત્રકારનો હેતુ નથી. શાસ્ત્રકાર માત્ર એટલુંજ કહેવા માગે છે કે ગમે તેવા પ્રબળ પરંતુ એકજ પુરૂષાર્થની માત્રાથી એ કર્મને કાબુ લઇ શકાતું નથી, અને પુરૂષાર્થ અથવા ભોગદ્વારા એનો ધીમે ધીમે ક્ષયોપશમ અથવા ઉપશમ થવા યોગ્ય છે. "નિકાચીત કર્મ" બધું ભોગવવુંજ જોઇએ એમ કાંઇ નથી, પુરૂષાર્થનો ત્યાં જરૂર અવકાશ રહેલો હોય છે, અને એ કર્મની વિરોધી દશામાં ગતિ કરવાથી અર્થાત એ કર્મની ઉલટી દીશામાં કર્મશીળ બનવાથી થોડા કાળમાં એ " નિકાચીત કર્મ " શીથીલ અથવા પુરૂષાર્થ–સાધ્ય બની જાય છે. ખરી રીતે પુરૂષાર્થ એ એક પ્રકારનો ભોગજ છે; અને તેથી પુરૂષાર્થથી કર્મને ક્ષીણ કરવા એ ભોગવીનેજ ક્ષીણ કરવા તુલ્ય છે. ભોગવવામાં પણ સરખુ કષ્ટ અને મહેનત છે, અને પુરૂષાર્થમાં પણ તેટલીજ સહનશીલતા, ધૈર્ય, ઉદ્યોગ, અને ખંતની આવશ્યકતા રહેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામર મનુષ્યો ભોગદ્વારા અને વીર પુરૂષો પુરૂષાર્થ દ્વારા, અર્થાત્ સૃષ્ટિના કોઇ નિયમને કામે લગાડીને પૂર્વ કર્મ ક્ષીણ કરે છે. આટલું નિરંતર સ્મૃતિમાં રાખવું ઘટે છે કે પૂર્વકર્મ કરતા પુરૂષાર્થ હમેશા પ્રબળ છે. (Exertion is greater than desting) એકજ વાસના ઉપર અત્યંત ચિંતન કરવાથી અનેક મનુષ્યોએ એવા પ્રબળ સંસ્કાર ઉપજાવ્યા હોય છે કે તે વાસના તેમની આંતરીક ઘટનામાં એક પ્રબળ સત્વરૂપે ઘણો કાળ સુધી કાયમ રહે છે, અને ઘણો કાળ પુરૂષાર્થ સેવવાથીજ તેને દૂર કરી શકાય છે. અન્ય સર્વ વિષયમાં એવા મનુષ્યો અત્યંત વિવેકી અને સંયમી હોવા છતાં એ પૂર્વભવની વાસના તેમને એ ખાસ વિષયમાં તદ્દન નિર્બળ અને રંક બનાવી મુકતી હોય છે. આ દૃશ્ય આપણને એવા પુરૂષો તરફ ઉદાર અને ક્ષમાની દૃષ્ટિથી જોતા શીખવે છે. આવા પ્રસંગે, પૂર્વ કર્મના બળ અને સ્વરૂપને સમજનાર ડાહ્યા મનુષ્યો તેમના તરફ તિરસ્કારની ભાવનાથી જોતા નથી, પરંતુ ઉલટું ક્ષમાની નજરથી જુએ છે, અને તેમને માત્ર એટલીજ સલાહ આપે છે કે એ સંસ્કાર સામે તેમણે પોતાના સર્વ સામર્થ્યને યોજીને તેનો પરાભવ કરવો જોઇએ. આપણા સર્વના પ્રસંગમાં એવા ઘણાં મનુષ્યો આવ્યા હશે કે જેઓ બીજા સર્વ વિષયમાં વિવેકી, સંયમી અને સમજુ હોવા છતાં એકાદ ખાસ બાબતમાં વિવેકહીન અને સંયમની હદને ઓળંગનારા બની જાય છે. આવે પ્રસંગે આપણને આશ્ચર્ય થતું હોય છે કે આટલી બુદ્ધિ, વિવેક અને સારાસારની સમજણની સાથે આવી કૃતિનો સમન્વય કેવી રીતે ઘટી શકે? આ વખતે તેની અક્કલ કેમ કામ કરતી અટકી પડી, અથવા આ પ્રસંગે તેનો ગુરૂ કેમ ગામ ગયો છે? ખરી રીતે તેમની અક્કલ કામ કરતી અટકી પડી હોતી નથી અથવા તેમનો ગુરૂ ગામ ગયો હોતો નથી, પરંતુ તેમણે એ વાસના ગત સંસ્કારને એવો પ્રીતિપૂર્વક પૂર્વકાળે સેવેલો હોય છે અને તે તેની ચિત્ત–ભૂમિમાં એવો સજ્જડ થઇ ગયેલો હોય છે કે તેમની હાલની વિવેક અને સમજણની માત્રા તે સંસ્કારનો પરાભવ કરવા વિજયી બની શકતી નથી. તેમનો વર્ત્તમાન ઉદયમાન વિવેક જ્યારે પવનના વેગથી એક દિશામાં ગતિ કરતો હોય છે ત્યારે તેની વિરોધી દિશામાં તેમની પૂર્વકાળની વાસના વરાળ અથવા વિદ્યુત્ યંત્રની ગતિથી કામ બજાવતી હોય છે. પૂર્વની દિશામાં ગમે તેટલી ઝડપથી ગતિ કરતો વાયુ જેમ પશ્ચિમ દિશામાં જતી રેલવેને પોતાના બળથી અટકાવી શકતો નથી, તેમ આવા લોકોનો વર્ત્તમાન જ્ઞાન અથવા વિવેક બુદ્ધનો ઉદય, તેમના પ્રબળ સંસ્કારોને દાબી અથવા રોધી શકતો હોતો નથી.

આપણે ઘણીવાર જોયું છે આપણા બુદ્ધિમાન અને ડાહ્યા ગણાતા મિત્રો અને સગા–સંબંધીઓમાં કોઇ એવા ગુપ્ત દુરાચરણો રહેલા હોય છે કે જે માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે અત્યંત નારાજ થઇએ છીએ. એવા પુરૂષો પોતાની અનિષ્ટ કૃતિઓને પોતાની બુદ્ધિની હીકમતથી અથવા દ્રવ્યની અનુકૂળતાથી છુપાવી રાખતા હોય છે, પરંતુ જ્યારે કોઇ અણધારેલી રીતે આપણને તેની ખબર પડી જાય છે અને તેમને એ સબંધે ખરી હકીકત જાહેર કરવા સ્નેહભાવે વિનવીએ છીએ ત્યારે તેઓ બહુધા આ પ્રકારે કહે છે. "હું મારા અપકૃત્યનું અને ચારિત્ર્યહિનતાનું સ્વરૂપ સારી રીતે સમજુ છું, પરંતુ હવે એ માર્ગમાંથી હું પાછો વળી શકું તેમ નથી. એ વિષયમાં મારૂં પ્રત્યેક રોમ એવું તો દૃઢ બંધાઇ ગયું છે કે હવે હું તેનાથી મુક્ત થઇ શકું તેમ સંભવતું નથી. આના અનિષ્ટ પરિણામો હું નથી જોઇ શકતો તેમ નથી. એ બહુ હું યથેષ્ટ પ્રકારે સમજુ છું, છતાં ભાઇ! માફ કરો એ બાબત હું મારી નિર્બળતા અને પામરતા કબૂલ કરૂં છું" સાધારણ મનુષ્યો તો શું પરંતુ ઘણા જ્ઞાની અને વિકાસની ઉચ્ચ કળાએ પહોંચેલા આત્માઓ પણ કોઇ એકાદ વિષયમાં અત્યંત નિર્બળ હોય છે. મનુષ્ય સ્વભાવનું અવલોકન કરનાર વિચક્ષણ પુરૂષો જાણતા હોય છે કે અત્યંત બાહોશ અને પ્રવીણ વ્યવહારકુશળ મનુષ્યો પણ અનેકવાર મુર્ખ પણ ન કરે તેવી ભૂલ કરી બેસે છે, અને તેવે પ્રસંગે તે ભૂલ થવાનું ખરૂં કારણ એ હોય છે કે તેમને તેવી ભૂલથાપ ખવડાવનાર તે ભૂલ ખાનારના ચારિત્રની એકાદ નિર્બળ બાજુને શોધીને તેના ઉપર પોતાની હિકમત અજમાવે છે, અને ભૂલ ખાનારનો તે ભાગ નિર્બળ હોય તો અવશ્ય પેલો ભૂલ ખવરાવનાર તે રસ્તે થઇને પોતાનો હેતુ પાર પાડી શકે છે. લોભી મનુષ્યો પોતાના લોભ-વિષયની પ્રાપ્તિ કરાવનાર કોઇ પ્રબળ નિમિત્તને જુએ છે તો પછા ત્યાં બહુ વિચાર કરવા ન રોકાતા એકદમ આંખો મીંચી ત્યાં ઝંપલાવે છે. તેમના લોભના પ્રબળ સંસ્કારો તેમના સ્પષ્ટ વિવેકના ઉપર આવરણ રૂપે રહેલા હોવાથી તેમને ફસાવવા માટે રચેલી જાળનું બધું સ્વરૂપ સાદ્યંત વાંચી જોઇ શકતા હોતા નથી; અને પેલો ફસાવનાર માણસ, પોતાનો શીકાર બનનાર જનસમુદાયના હૃદયનું બંધારણ બહુ સારી રીતે સમજતો હોવાથી તેમની દૃષ્ટિ આગળ એવી લોભાવનારી અને મોહક કલ્પનાઓ ઉપજાવ્યે રાખે છે કે તેમને વિવેકનો અવકાશ મુદ્દલ રહેતો નથી. એક-હિકમતી અને કાબેલ સટોરીયો હજારો વ્યાપારીઓને આવીજ રીતે પાયમાલ કરી નાખી શકે છે. પરંતુ તેમનો ભોગ બનનાર મનુષ્યો તેમના લોભના સંસ્કારને વશ થયેલા હોવાથી નિર્મળ વિવેકની દૃષ્ટિથી તેના પ્રપંચને જોઇ શકતા નથી. ઘણા ડાહ્યા મનુષ્યો આવા કાળે વિવેક સાચવીને કામ લે છે અને તેથી એવી વિષમ કસોટીઓમાંથી નિર્વિઘ્ને બચી જાય છે; અને જે કાળે સમગ્ર દેશ કોઇ પ્રપંચને વશ બન્યો હોય છે ત્યારે તેઓ સમજીને તેનાથી નિરાળા રહી પોતાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્યનું કાર્ય નિભાવતા હોય છે. પેલા પ્રપંચની જાળમાં ફસાયેલા મનુષ્યો એ મનુષ્યને ભીરૂ અને ડરકણ કહી તેની મશ્કરી કરે છે, પરંતુ પેલો "ભીરૂ" મનુષ્ય જાણે કે અત્યારે એવું ઉપનામ નિભાવી લેવું વ્યાજબી છે. કેમકે પરિણામે એ આંધળા સાહસ કરતા વધારે લાભદાયક અને આફતમાંથી રક્ષણ કરનાર છે.

એજ પ્રકારે ઘણા મનુષ્યો સ્ત્રી લંપટ હોય છે. તેઓ કેળવાયેલા, સુશિક્ષિત, સભ્ય અને નેતા વર્ગમાં ગણના પામનાર હોવા છતાં એ વિષયમાં તદ્દન કાબુવિનાના હોય છે. ભલે તેઓ બાહોશ વ્યાપારી હોય કે રાજ્ય દરબાર અથવા સરકારમાં મોટો હોદ્દો ધારણ કરનાર હોય, પરંતુ તેમને તેમનો પ્રિય વિષય ઉપલબ્ધ થવાની તક મળતા તેઓ પોતાના વ્યાપારનું કે ઓફીસની જવાબદારીનું હિત વિસરી જઇ તુરત એ પ્રલોભનને આધિન બની જાય છે. બીજા સર્વ વિષયમાં બહુ દીર્ઘદ્રષ્ટિ વાળા હોવા છતાં, અને પોતાના વ્યવહારના કામકાજમાં બહુજ પ્રવીણ અને કોઇ ઠેકાણે લેશપણ ઠોકર ન ખાય તેવા હોવા છતાં એ વાસનાના સંબંધે એક બાળકના જેટલી પણ ધીરજ કે સંયમનો પરિચય આપી શકતા હોતા નથી. સમાજમાં કે રાજદરબારમાં તેમની આબરૂને ગમે તેટલો ધક્કો પહોંચે તેની પણ પરવા બાજુએ મુકી દે છે અને પોતાની દૃઢ સંસ્કારવાળી સ્પર્શ-સ્પૃહાને તૃપ્તિ આપે છે. તે કાળે તેઓ પોતાની બધી ફીલોસોફી અને તત્વજ્ઞાનની અવગણના કરે છે. વિશ્વની વ્યવસ્થામાં અને સમાજના અર્થશાસ્ત્રમાં વ્યભિચાર એ શું ક્ષોભ ઉપજાવે છે તે વિષયમાં તેઓ ગ્રંથના ગ્રંથ ભરી શકે તેટલું લખી કે બોલી શકે તેમ હોવા છતાં, પોતા સબંધે એ કૃતિની સારાસારતા વિચારવાનો અવકાશ તેઓ દાખવી શકતા નથી. તક મળતા તેમની માનસ ક્ષિતિજ ઉપર અંધકારનું શ્યામ આવરણ ફરી વળી તેમના સારાસારના નિર્મળ વિવેકને ઘેરી લે છે, અને તેઓ એક પશુની માફક તેમની નિંધ અને ધૃણા ઉપજાવનારી પ્રવૃતિમાં યોજાય છે; તેઓને પોતાને પણ એ કાળે પશ્ચાતાપનો અનુભવ થતો હોય છે. અને તેમનું પોતાનુ અંતઃકરણ પણ તેમની અનિષ્ટ કૃતિનું સાક્ષી બની ખડુ રહેલુ હોય છે, છતાં તેમણે પૂર્વકાળે સેવેલા અને ચિંતવેલા એ વિષયના સંસ્કારો એવા મૂળ ઘાલીને બેઠા હોય છે કે તેનાથી નિવૃત થવું એ તેમને માટે વગર નાવે પાસીફીક મહાસાગરને ઓળંગવા જેવું અશકય થઇ પડયું હોય છે. બીજી બધી બાબતોમાં તેમનું મગજ આરપાર જઇ વસતુ હોય છે છતાં એ વિષયના સબંધે તદ્દન પામર અને અસહાય હોય છે.

આ પ્રસંગે આપણે બહુ ઉદાર થવું જોઇએ. આપણી ક્ષમાદૃષ્ટિને આવા કસોટીના પ્રસંગે ગુમાવવી એ ડહાપણ ભરેલું નથી. કોઇ એકાદ વિષયમાં જ્યારે આપણે આપણા કોઇ બંધુને નિર્બળ જોઇએ તે વખતે તે નિર્બળતા ઉપરથી આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણે તેના આખા ચારિત્રનું માપ કાઢવું એ ઉપયુક્ત નથી. વિશ્વમાં કોઇ સ્થાને સર્વાંગ સંપૂર્ણતા હોતી નથી. વિશ્વ પોતેજ અપૂર્ણ છે અને નિરંતર તે વિકાસના ક્રમ ઉપરજ છે તો પછી એક અપૂર્ણ અને નિર્બળ મનુષ્યમાં ચારિત્રની પૂર્ણતાની આશા કયાંથી રાખી શકાય ? દોષને જોઇને નિરાશ થવાનું નથી, પરંતુ હજી તેને સુધારવાનો અવકાશ છે એવી દષ્ટિ રાખવી ઘટે છે. ઘણા મનુષ્યો જ્યાં ત્યાં દોષોનું દર્શન કરીને અને સર્વ સ્થાનોમાં બુરાઇનું મહારાજ્ય વ્યાપી ગયું માનીને તદ્દન નિર્વેદવાદી બની ગયા હોય છે. પરંતુ તેમણે જાણવું જોઈએ કે વિશ્વમાં ભલાઈને બુરાઇ, સારૂ અને નરસુ, ઇષ્ટ અને અનિષ્ટ, સુખને દુખ, દિવસને રાત્રી, પ્રકાશને અંધકાર, ઠંડીને ગરમી એમ સર્વત્ર દ્વંદ્વીભાવ વ્યાપક છે. અને એ દ્વંદની મધ્યમાં થઇને જ સૃષ્ટિનો પ્રવાહ વહેતો હોય છે. આથી અનિષ્ટતા અથવા બુરાઇ નિહાળીને આશ્ચર્ય પામવાનું અથવા નિર્વેદ વશ બનવાનું લેશપણ કારણ નથી. સમાનદૃષ્ટિથી પ્રસન્ન ચિત્તે અવિષમભાવે પ્રત્યેક પ્રસંગને અવલોકવો જોઇએ. આપણે જેને મહા યોગી ગણતા હોઇએ તેને વ્યભીચારી જોઇને તેના પ્રત્યે તિરસ્કાર દર્શાવવો એમાં આપણી બુદ્ધિની કસોટી નથી, અથવા એક સારા સાહુકાર માણસને એક નાની ચીજની ચોરીના ગુન્હા માટે માજીસ્ટ્રેટની કોર્ટમાં ઉભો થયેલો જોઇ આશ્ચર્ય પામી, બધેથી વિશ્વાસ ઉઠાવી લેવો એમાં પણ આપણા જ્ઞાનની પરીક્ષા નથી. આવા પ્રસંગે એટલુંજ લક્ષ્યમાં રાખવું ઘટે છે કે તે તે આત્માઓએ પૂર્વકાળમાં પોતે વર્તમાન-કાળમાં જે વિષય સબંધે બહુ લોલુપી અને નિર્બળ છે, તેનું બહુ પ્રેમ પુર્વક ચિંતન કરેલુ હોવું જોઈએ, અને તેની પ્રાપ્તિની તકની ઉગ્ર વાસના રાખેલી હોવી જોઇએ. ખરૂં કહીએ તો અમે તમે અને આપણા માંહેના ઘણા ખરાને બુરાઇની તક મળી નથી ત્યાં સુધીજ પવિત્ર છીએ. તક અને અનુકુળતા દેવને મનુષ્ય અને મનુષ્યને રાક્ષસ બનાવી મુકે છે, આવા પ્રસંગો જોઇને આપણે ઈશ્વર પ્રત્યે એટલુ જ યાચવું જોઇએ "હે પ્રભુ! મને હમેશા સમાજના, સ્નેહીઓના, કુટુંમ્બીઓના તેમજ રાજ્યે નાખેલા અંકુશોમાં સ્થીર રાખજો. મને બુરાઈની તક અને સાનુકુળતા કરી આપીશ નહી. કેમકે જ્યાંસુધી તક નથી ત્યાં સુધી જ મારી પવિત્રતાનું અભિમાન કાયમ છે."

એવા ઘણા દ્રષ્ટાંતો આપણે આપણા પ્રાચીન શાસ્ત્રોમાં જોયા છે કે જ્યાં મહા-ત્મા ગણાતા પુરૂષો પણ કોઇને કોઇ પ્રલોભનને વશ બની ઘણા કાળ સુધી ભ્રષ્ટ બન્યા છે, અને ત્યાં ઠોકર વાગતા ઠેકાણે આવી પાછી પોતાની ભૂલ સુધારી લીધી છે. પરંતુ આપણે કોઇને ભૂલને વશ બનેલા જોઈ તેમના ઉપર તિરસ્કાર કરવાની મુર્ખાઇ કરવી વ્યાજબી નથી. કેમકે ત્યાં તેમનો દોષ હોતો નથી. પૂર્વનો પ્રબળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્કાર તેના વેગની દીશામાં પુરપાટ ઝડપથી ગતિ કરતો હોય છે. અને તે સામે ટક્કર ઝીલી ઉભા રહેવું એ ગમે તેવા પુરૂષાર્થી આત્માઓ માટે પણ અનેક પ્રસંગે અશક્ય અને અસંભવીત હોય છે.

પરંતુ અન્યપક્ષે પૂર્વકર્મના પ્રબળ સંસ્કારના બ્હાના તળે ગમે તે પ્રકારના સ્વચ્છંદને આધિન બની પોતાને અને પરને પ્રવંચનામાં દોરવું એના જેવું પાપમય જીવન અન્ય એકે નથી. જે મનુષ્ય પુરૂષાર્થને ગોપવી રાખી પૂર્વ કર્મના સંસ્કારને આગળ ધરે છે, અને પોતાનો દોષ ન જોતા પોતાની ગતકાળની તેતે પ્રકારની વાસનાને શીર બધો બોજો મુકે છે, એ મનુષ્ય વિશ્વની સર્વજ્ઞ અને પરમન્યાયી સત્તાને છેતરવાનો પ્રયત્ન કરે છે. કદાચ એવા મનુષ્યની આસપાસનો મનુષ્ય સમુદાય એના કથન ઉપર વિશ્વાસ મુકી, તેના અનિષ્ટ આચરણ અથવા વલણને પૂર્વકર્મ જનીત ગણી નીભાવી લે, પરંતુ એ સર્વજ્ઞ સત્તા એ ઢોંગી મનુષ્યનું પોકળ સમજતી જ હોય છે, અને તેને પોતાનો પુરૂષાર્થ ગોપવવાના વાંક માટે ઘટતો બદલો અવશ્ય આપે છે. આથી ગમે તેવા પ્રબળ મોહનીકર્મની પ્રકૃતિ સામે આપણે આપણા સર્વ સામર્થ્યથી લડવું જોઇએ અને તેમાં કદાચ આપણે પરાભવ પામીએ તો આપણી નિર્બળતા માટે આપણે દોષવાન નથી. પરંતુ એ લઢાઇમાં પોતાના વીર્યને ગોપવી, વાસનાના મોહથી આકર્ષાઇને વશ બનવું એ અધમતા તરફ દોરી જનાર છે. પ્રથમની લઢાઇમાં કદાચ હારી જવાય તો પણ પુરૂષાર્થની સંપૂર્ણ કળાને દાખવનાર વીર પુરૂષ એ વાસનાના બળને ઘટાડી શકે છે, બીજી વખત એ વાસનાની ગુલામગીરીમાંથી મુક્ત થાય છે. કદાચ એ આજે હારશે પરંતુ કાલે તો જીતવા માટે અવશ્ય નિર્માએલો છે. કર્મનો પાઠ આટલુ તો સર્વ કોઇને શીખવે છે કે ગમે તેવું પ્રબળ પ્રલોભન હોય અને મોહક આકર્ષણ હોય તોપણ એક વાર તેની સામે વીર્યથી લઢવાથી ઢીલુ બની જાય છે. પહેલી વારની હાર એ અરધી જીત છે, કેમકે એ હાર આવતી કાલે પ્રાપ્ત થવાની જીતની સામગ્રીસ્વરૂપ છે. આપણી ખરી શકિતની કસોટી જીતમાં નથી, પરંતુ પ્રબળ પ્રલોભનો સામે બને તેટલા પુરૂષાર્થથી ટક્કર જીલવામાં છે. નીતિની કસોટી પ્રમાણીકપણામાં નથી. પરંતુ કેટલાક પ્રલોભનો સામે એ પ્રમાણીકપણું જાળવી રાખ્યું એમાં સમાએલી છે પવિત્રતાની કસોટી પણ વાસનાઓના નિમિત્તોની મધ્યમાં ટકી રહેવામાં છે, તક અનુકુળતા અને એકાંતમાં પણ પોતાની નિષ્ઠા નિભાવનારજ ખરો વીર પુરૂષ છે. વનમાં જઇને ત્યાં પવિત્ર ભાવથી રહેનાર, યોગી નથી પણ વનવાસી છે, કેમકે ત્યાં પ્રલોભનના નિમિત્તોનો અભાવ હોઇ ભ્રષ્ટતા માટે તક તેમજ અનુકુળતા હોતી નથી, એથી એની પવિત્રતા એ નિમિત્ત જન્ય પવિત્રતા છે, અને સંસારીની ભ્રષ્ટતા કરતા બહુ ચઢી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતી ગણુવા યોગ્ય નથી, કેમકે ઉભય નિમિત્તને વશ બની જીવન વિતાવે છે, ખરો યોગી એ છે કે જે વસતીમાં રહી વનવાસની પવિત્રતા નિભાવી શકે છે. પરાક્રમ એ લઢવામાં અને તે પણ પ્રબળ પ્રલોભનરૂપી દુશ્મનના સાથે લઢવામાં છે વિજય મળવો કે ન મળવો જુદો પ્રશ્ન છે, પરંતુ પરાક્રમની કસોટી, પરાક્રમને છુપાવી ન રાખતા કાયરતા રહિતપણે આંતર શત્રુઓને હણુવામાં છે.

આથી જ્યાં જ્યાં ભૃષ્ટતા જોવામાં આવે ત્યાં આપણે એકદમ ન્યાય આપી દેવો વ્યાજબી નથી, તેમજ પરાજય ઉપરથી પરાજ્ય પામનારના બળનો નિર્ણય બાંધવો એ ડહાપણુ નથી. અનેક મહા પુરૂષોમાં એવી કોઇને કોઇ પૂર્વકર્મ જનીત નિર્બળતા હોય છે કે જે સામાન્ય અજ્ઞાન સમુદાયમાં પ્રથમ દૃષ્ટિએ તે મહાપુરૂષના માહાત્મ્ય સંબંધે શંકા ઉત્પન્ન કરે છે. પરંતુ ડાહ્યા પુરૂષો એવા વખતે તે ક્ષતિનું નિદાન શોધી એ અપૂર્ણતા તરફ ક્ષમાની નજરથી નિહાળવાની ઉદારતા દર્શાવે છે. ઔદાર્ય નાણાનો વ્યય કરવામાં અને બહોળા હાથે પૈસા ઉડાવવામાં સમાએલું નથી, પરંતુ પારકા દોષોને નિભાવી લઇ તેમાં માત્ર જે કાંઇ ઉત્તમ હોય તે ગ્રહણુ કરવામાં રહેલુ છે. ઉદારતા એ સંકોચપણાથી વિરોધી ભાવના દર્શાવનાર શબ્દ છે. સંકુચિત હૃદયમાં તેના પોતાના શિવાય ભાગ્યેજ કોઇનો સમાવેશ થઇ શકે છે, તે કોઇ સ્થાને ઉત્તમતા, ભવ્યતા, મહુત્તા, મંગળતા, સુંદરતા અને સુવાસમયતા જોઇ શકતો નથી, તેની દૃષ્ટિ એકાદ આળો ભાગ શોધી લોહી અને પાસપરૂ ઉપર ઠરી બેસવાનું પસંદ કરે છે. અને દુનીયાને બુરાઇ અને નીચતાથી ઉભરાઇ જતી માને છે. એક ઉત્કૃષ્ટ મહા પુરૂષમાં તે એકાદ કલંક શોધી કાઢી તેમનો તે બહિષ્કાર કરી તેના પ્રસંગમાં આવનાર પ્રત્યેકના મન ઉપર એ કલંકની વાર્તા ઠસાવે છે. આ પ્રકારે આ વિશ્વની ઉજ્જવળ બાજી તરફ વિલોકવાની સુંદર તક ગુમાવે છે, અને તે સાથે બીજાને પણ પોતાની પેઠે કરવાની મફતીયા સલાહ આપે છે. એક દોષને સર્વ દોષનું મહદ્દસ્વરૂપ આપીને દુધનાં પાત્રમાં ઝેરના બિંદુની માફક તે દોષને ગણુવાનું પસંદ કરે છે. આવા લોકોના મનમાં ઝેરનું માહાત્મ્ય એટલુ બધુ રમી રહ્યું હોય છે કે અમૃતની કીમત આંકવા માટે તેમના હૃદયમાં ભાગ્યેજ કાંઇ અવકાશ રહેતો હોય છે. હલાહલ વિષથી વ્યાપ્ત થએલા શરીરમાં દેવોને લભ્યમાન એક સુધાનું બિંદુ કેવુ કામ કરી શકે એ ઉદાહરણુ તેમને મન કાંઇજ કીમતી નથી, અને તેથી દોષના સમુહમાં રહેતા એક ઉત્તમ ગુણુની કાંઇજ કદર કરવા શક્તિમાન હોતા નથી તેઓ પ્રત્યેક મોટા પુરૂષોમાં કાંઇકને કાંઇ દોષ નિહાળી બીજી રીતે અનુકરણીય મહાત્મ્યના દૃષ્ટાંતને પોતાની નજરથી હુમેશા અળગુ રાખે છે. એ દોષને નિવારવા માટે એ મહાપુરૂષનો અંતરાત્મા કેવો પુરૂષાર્થ સાધી રહ્યો હશે તે વિચારવું તેઓ ભૂલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. એક અંશે પણ તપસ્વીતા દાખવનારા આત્મા ધન્યવાદને પાત્ર છે, તો પછી એકાદ બે દોષોને બાદ કરતા જેમનું જીવન સર્વ રીતે ઉત્તમ અને ભવ્ય છે એવા પુરૂષો તરફ તિરસ્કાર દર્શાવનાર પોતેજ તિરસ્કારને લાયક છે એમ કહ્યા વીના ચાલતું નથી. જ્યાં જ્યાં કાંઇપિણ માહાત્મ્ય, ઉત્તમતા વિદ્વત્તા અને આકર્ષતા હોય છે ત્યાં અવશ્ય કાંઇને કાંઇ તપસ્વીતા, પુરૂષાર્થ અને સંયમ હોવો જ જોઇએ. આથી દોષો તરફ દૃષ્ટિ રાખી તે દોષવાનના અન્ય ગુણોથી વિમુખ થવું એ મુર્ખાઇ છે.

આ સ્થળે, આપણા સમુદાયમાં અનેક ઠેકાણે ચાલતી એક મુર્ખાઈ ભરેલી તત્વનીતિ તરફ અંગુલી નિર્દેશ કરવાની હમને આવશ્યક્તા જણાય છે. જ્યારે કોઇ મનુષ્ય મુશ્કેલીમાં આવી પડે ત્યારે તેની આસપાસના લોકોમાંહેના કેટલાક એ મુશ્કેલીમાં આવી પડેલા મનુષ્યને ઉદ્દેશીને કહે છે કે " એ એનું પોતાનું કર્મ ભોગવે છે, આપણે તેને શામાટે સહાય કરવી ? " કર્મના મહા નિયમનો ઉપર ચોટીયો અભ્યાસ કરનારને આ પ્રકારે ભાસે તેમાં કાંઇ જ આશ્ચર્ય નથી. ખરી વાત છે કે આપણી આસપાસના મનુષ્યો જે કાંઇ અનિષ્ટ પરિણામો અને કષ્ટ સહન કરતા હોય છે તે તમામ તેમના તેવા પ્રકારના પૂર્વકર્મના અનિવાર્ય ફળો હોય છે. આપણે આપણા પોતાના પ્રયત્નથી એ મનુષ્યના અનિષ્ટ ફળદાયક પૂર્વકર્મની સત્તામાં અમુક હદ સુધી ફેરફાર કરી શકીએ છીએ એ વાત બહુ થોડા મનુષ્યો જાણે છે. અશુભ વિચારો, વાસનાઓ અને કાર્યોવડે એવું અશુભ ફળ નિર્મીત થયું હોય છે, અને આ કાળે આપણે ધારીએ તો આપણા પોતાના શુભ વિચાર ભાવના અને પ્રવૃતિ દ્વારા એ મનુષ્યની દુખમયતામાં ઘટાડો કરી તેના જીવનને સુખમય અને રસમય કરી શકીએ તેમ છીએ. દુખી મનુષ્ય પ્રત્યે હૃદયપૂર્વક સહાનુભૂતિ, આશ્વાસન અને સાચા અંતઃકરણની પ્રેમમયતા દર્શાવવાથી તેના કષ્ટનો ઘણો મોટો ભાગ દુર થાય છે, અને છેવટે આપણા સ્વાર્થને લક્ષ્યમાં રાખીને પણ દુખી પ્રત્યે બનતી સહાય કરવી ઘટે છે. સામા મનુષ્યનું દુખ દુર કરવાની શક્તિ છતાં જે મનુષ્ય એવી તત્વનીતિ રાખે છે કે " સૌ સૌના કર્મ ભોગવે તેમાં હું શું કરી શકું ? " તે પોતે એવા કર્મને ગતિને મુકે છે કે જેના પરિણામે તે કોઇ કાળે કષ્ટમાં આવી પડશે ત્યારે તેને સહાય આપનાર કોઇ જ નહી હોય. દુખી આત્માઓની બુમ પ્રત્યે એવો ઉત્તર દેવો કે " તમે એ દુખને લાયક છો, તમે કોઇ કાળે કાંઇ બુરૂં કામ કર્યું છે. તેનું આ ફળ તમારે ભોગવવું જ જોઇએ " તો તે બહુ અઘટતો અને અધમતા ભરેલો ઉત્તર છે. આપણી ફરજ તો સહાય કરવાની છે, ન્યાય આપવાની નથી, અથવા સામા મનુષ્યો ન્યાયનું ફરમાન ભોગવતા હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તેને તેની પૂર્વની બુરાઈની યાદી આપવાની નથી. અલબત ખરી વાત છે કે આ વિશ્વમાં એક પરમ ન્યાયી સત્તા અથવા નિયમ પોતાનું સામ્રાજ્ય ચલાવી રહ્યો છે, અને એ સત્તા કોઈને વિના કારણ કંઈ જ ફળ આપતી નથી, તેમજ કારણ હોય ત્યાં ફળ વિના પણ કોઇ આત્માને જવા દેતી નથી; પરંતુ એ કામ આપણે અલ્પજ્ઞ મનુષ્યોએ એ પરમ ન્યાયી અને સર્વજ્ઞ સત્તાના હાથમાં જ રહેવા દેવા જોઇએ; તેની વતી તેના એજન્ટ થઇને આપણે કોઇને ફળ દેવાનું અથવા ફળ ભોગવનારને એ કૃતિનું ફળ તે ભોગવે છે તેની સ્મૃતિ કરાવવાનું કામ માથે લેવું વ્યાજબી નથી. કર્મફળ પ્રદાત્રી સત્તા આત્માને કષ્ટ આપવા માગતી હશે તો તે સ્થાને આપણે સુખને પ્રગટાવી શકવાના નથી. એ વાત ખરી છે, છતાં એજ સત્તાના સુખકર પ્રતિનિધિ તરીકે કામ કરવાની આપણને તક મળતી હોય તો તે ગુમાવવી યોગ્ય નથી. આપણે જ્યારે એવા સંયોગોમાં હોઇએ કે જે વખતે કોઇ દુખી આત્માને આપણે સહાય આપી શકીએ તે વખતે બનતી સહાય ન આપવી એ વિશ્વના સાહજીક નિયમથી ઉલટું છે, કેમકે જ્યારે જ્યારે કષ્ટ અને આપત્તિના પ્રસંગોને એ સત્તા આપણા દૃષ્ટિપથમાં લાવી મુકે છે તે વખતે એ સત્તાનો ઉદ્દેશ એજ હોય છે કે આપણે એ દુખદ પ્રસંગને ન્યુન કરવા બનતો પ્રયત્ન કરવો. જો કે એમ કરવાથી આપણે તેનું કષ્ટ દુર કરી જ શકીએ છીએ એમ નથી, પરંતુ એવા પ્રયત્નો દ્વારા આપણે આપણા પોતાના આંતર સત્વનો બહિર્ભાવ કરીએ છીએ. કુદરત આપણા સમક્ષ જે કાંઈ પ્રયત્નના, પારકું કષ્ટ દુર કરવાના, દુખી મનુષ્યોને સહાનુભૂતિ આપવાના, વિગેરે પ્રસંગો રજુ કરે છે તેનો હેતુ આપણી ગુપ્ત શક્તિઓને તિરોભાવમાંથી આવિર્ભાવમાં લાવવાનો હોય છે. કુદરતને પોતાનો નિયમ પ્રવર્તાવવા માટે અથવા તેનો યથાયોગ્ય અમલ કરવા માટે આપણી જરૂર હોય છે એમ કાંઇ નથી, પરંતુ કુદરતના પ્રવર્તનનો એટલો તો મર્મ હોય જ છે કે તેના નિયમના પ્રવર્તનમાંથી પ્રત્યેક આત્મા પોતાના આંતર સત્વના પરિસ્ફોટન માટે અને આત્મશક્તિના બાહ્ય પ્રકાશન અર્થે ઘટતી તક મેળવે અને તેનો યથાર્થ ઉપયોગ કરી સ્વરૂપ અભિવ્યક્તિનો પ્રસંગ ઉપજાવી કાઢે.

ગમે તેવા પાપી, દુરાચારી અને અધમમાં અધમ આત્મા પ્રત્યે પણ આપણી ફરજ તો એ જ છે કે તેનું શ્રેય અને કલ્યાણ ઇચ્છવું અને તે યોગ્ય રાહ ઉપર આવે તે માટે બનતો પ્રયત્ન કરવો " સૌ સૌના કર્મ ભોગવે, મને તેમની સાથે કશો સંબંધ નથી " એ સ્વાર્થપૂર્ણ તત્વનીતિ આપણી પરમાત્મસિદ્ધિની સાક્ષાત્ વિરોધી છે, જ્યાંસુધી પ્રાણી માત્ર અર્થે પોતાના સુખ અને સંપત્તિનો ભોગ આપવાની વૃતિ ઉદય ન પામે ત્યાંસુધી આત્મસિદ્ધિનો માર્ગ એ ખાલી અર્થહિન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રલાપ છે; આત્મસિદ્ધિનું મહા વિજ્ઞાન સંપૂર્ણ કળાએ સ્વાર્પણ ભાવના પ્રગટાવ્યા વિના હસ્તગત કદી થઇ શકતું નથી, અને જેટલે અંશે એ ભાવના ઉદયમાન થાય છે તેટલે અંશે આત્મા પરમાત્માના મહારાજ્યનો વારસ બની શકે છે. એ મહા-રાજ્યમાં સ્વાર્થની નીતિનો લેશ પણ અવકાશ નથી. દુખી પ્રાણીઓને પોતાનું કર્મ ભોગવવા દેવાની અનુકુળતા કરી આપવી, અને તે રીતે કુદરતનો કર્મફળદાયક નિયમ કાંઇપણ બાધા કર્યા વિના પ્રવર્તવા દેવો એ સમજણ બહુ મુર્ખાઇ ભરેલી છે. આપણી ફરજ તો એ છે કે એ નિયમની સખ્તાઇમાંથી, આપણાથી બને તેટલા અંશે તેમને બચાવી લેવા. આપણા હૃદયમાં કુદરતે જે સહાનુભૂતિ, અનુકંપાવૃતિ, વિશ્વપ્રેમ આદિ ઉમદા વૃતિઓ રોપેલી છે તેનો હેતુ એ છે કે જ્યાં એ વૃતિઓને કાર્યરૂપ થવાના પ્રસંગો આવે ત્યાં તેને કર્તવ્યરૂપે પરિણમાવવી. આત્માનો ઉન્નતિ-ક્રમ હૃદયની ઉચ્ચ વૃતિઓના પ્રવર્તનમાંથીજ સાધી શકાય છે, આથી એ વૃતિઓને જ્યાં કર્તવ્યાકાર થવાના પ્રસંગો આવે ત્યાં ઉપર જણાવી તેવી બેવકુફી ભરેલી તત્વનીતિનું અવલંબન લઇ કર્તવ્યહીન બનવું એ વ્યાજબી નથી. સેવા, સ્વાર્પણ, આત્મવિસર્જન, ત્યાગ અને બંધુતામાંથી જ આત્માની ઉર્ધ્વગતિનો માર્ગ ખુલે છે. અનુભવ અને શાસ્ત્ર ઉભય એ કથનની સાક્ષી નિરંતર પુરી રહ્યા છે. આથી કુદરત ગમે તે પ્રકારે કામ કરતી હોય, પરંતુ આપણો ધર્મ તો પારકું કષ્ટ બને તેટલું ન્યુન કરવાનો જ છે.

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## જૈન નૃપતિ ખારવેલનો શિલાલેખ.

( ગતાંક પૃષ્ટ ૭૭ થી શરૂ. )

ઉદયગિરિની ગુહાઓનાં કોતરકામોમાં એવું કાંઈ ખાસ નથી કે જેથી આપણે નક્કી કરી શકીએ કે એ જૈન અગર બૌદ્ધ ગુહાઓ છે. ગુહાઓમાં એકે જુની પ્રતિમા નથી. કોતરકામોની પૂજનીય વસ્તુઓમાં માત્ર વૃક્ષો છે તથા માણેકપુર ગુહામાંના નીચેના ભાગમાં જે ભાંગેલા 'સ્તૂપ' જેવું લાગે છે તેની આગળ નમસ્કાર કરતી માણસોની આકૃતિઓ છે. વળી આ ગુહાઓની ટેકરીની ટોચે એક જુના 'સ્તૂપ' નો પાયો છે અને આ સ્તૂપની આજુબાજુના કઠેરાના સળીઆનાં છિદ્રો હજુ પણ જોવામાં આવે છે. પરંતુ આ ઉપરથીજ માત્ર આપણા પ્રશ્નનો જવાબ નીકળી શકે નહિ; કારણ કે શરૂઆતનો જૈનધર્મ બૌદ્ધધર્મ જેવોજ હતો જેથી વૃક્ષ તથા સ્તૂપો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની પૂજા તેમનામાં ભિન્ન નથી; જ્યાં જ્યાં મહાવીર ગયા તે તે ગામના પાદરના ઝાડ તળે બેઠેલા મહાવીરનાં વર્ણનો કેટલાંક સૂત્રોમાં છે. બૌદ્ધોની પેઠે જૈનતીર્થંકરોને પોતપોતાનું બોધિવૃક્ષ છે. મહાવીરનું બોધિવૃક્ષ વડ છે અને ઉદયગિરિની જયવિજય ગુહામાં કોતરેલું બોધિવૃક્ષ પણ વડ છે.[1] હાલ પણ જૈનો શત્રુંજય ટેકરી ઉપર રાયણ વૃક્ષ-ક્ષની પૂજા કરે છે. ( મિમુસોપ્સ કૌકી Mimusops kauki; ) સંસ્કૃત–**રાજાતન** અગર **રાજાદન,** પાલી–**રાજાયતન** ) જે ઋષભદેવનું બોધિદ્રુમ છે અને ગિરનાર ઉપર બાવીસમા તિર્થંકર નેમિનાથનું બોધિદ્રુમ આંબો છે કે જેની પણ તેઓ પૂજા કરે છે.

સ્તૂપ–પૂજા પહેલાંના જૈનોમાં પણ પ્રચલિત હતી. મથુરામાંથી મને મળેલા એક લેખવાળા કોતરકામની વચ્ચે એક સ્તૂપ છે. તેની આજુબાજુએ કઠેરો છે. તેને એક દ્વાર છે અને સ્તૂપ ઉપરજ કોતરેલી બે કઠેરાની હારો છે; એક મધ્યમાં ગોળ તથા બીજી જરા ઊંચે છે. સ્તૂપની બંન્ને બાજુએ એક નાચતી સ્ત્રી છે અને આ સ્ત્રીની પેલીપાર એક સ્તંભ છે. જમણી બાજુના સ્તંભને સિંહ છે અને ડાબી બાજુના સ્તંભ ઉપર 'ધર્મચક્ર' કાઢેલું છે. ઉંચે સાધુઓ તથા સ્તૂપ તરફ દોડતા આવતા હોય તેવા કિંન્નરો છે. કિંન્નરોને રૂવાંટાવાળું શરીર તથા મનુષ્યના જેવું મુખ છે તથા દિગમ્બર જૈનોની માફક આ સાધુઓ નગ્ન છે.

આ સ્તૂપ આકારમાં તથા દેખાવમાં હજુ સુધી મળેલાં બૌદ્ધ સ્તૂપોને એ-ટલું બધું મળતું આવે છે કે જો આ લેખ ન હોત તો તેને બૌદ્ધ સ્તૂપ તરીકેજ ગ-ણવામાં આવત. બે કઠેરાની હારોની વચ્ચેનો છ લીટીઓ વાળો લેખ જૈનોનો છે, એમ સ્પષ્ટજ છે. લેખના અક્ષરો ઈ. સ. પૂર્વે ૫૦ ના હોય તેમ લાગે છે; ભાષા પ્રાકૃત છે, સરલ નથી.

## લેખની નકલ.

**( ૧ ) નમો અરહતો વધમાનસ દંદાયે ગણિકા.**
**( ૨ ) યે લેણશોભિકાયે ધિતુ શમણસ નિકાયે**
**( ૩ ) નાદાયે ગણિકાયે વાસયે આરહતાદેવકુલે**
**( ૪ ) આયગસભાપ્રપાશિલાપટા પ્રતિસ્ઠાપિતં નિગમા**
**( ૫ ) ના અરહતાયતને સહ માતરે ભગિનિયે ધિતરે પુત્રેણ**
**( ૬ ) સવિન ચ પરિજનેન અરહતપુજાયે**

---

૧ ઍન્ટીક્વીટીઝ ઑફ ઓરીસ્સા પુ. ૨, પ્લેટ ૧૯, આકૃતિ ૧. લેખક, ડાક્ટર રાજે-ન્દ્રલાલ મિત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(આ લેખનું સંસ્કૃત ભાષાંતર.)

(૧) નમોર્હતે વર્ધમાનાય દણ્ડાયા ગણિકા
(૨) યા લયનશોભયિત્ર્યા દુહિતુઃ શ્રમણસ્ય નિકાયે
(૩) નાદાયા ગણિકાયા વાસાય અર્હતો દેવકુલે
(૪) આર્યકસભા પ્રપા શિલાપટ્ટઃ પ્રતિષ્ઠાપિતઃ નૈગમા
(૫) નાં અર્હતાયતને સહ માત્રા ભગિન્યા દુહિત્રા પુત્રેણ
(૬) સર્વેણ ચ પરિજનેન અર્હતપૂજાયૈ

## ગુજરાતી ભાષાંતર.

અર્હન્ત વર્દ્ધમાનને નમસ્કાર. ગણિકા દંડાની પુત્રી ગણિકા નન્દાએ વેપારીઓના આર્હત [1] દેવલયમાં [2] શ્રમણસમૂહને રહેવા માટે તથા અર્હન્તની પૂજા માટે એક નાનું આર્હત–દેવાલય, આચાર્યો માટે બેઠકો, એક હોજ (પાણીનો) અને એક શિલાપટ્ટ, (દેવાલયનું પુણ્ય) મા, બ્હેન, પુત્રી, પુત્ર, અને સગાંઓ સાથે (ભોગવવાને) કરાવ્યાં.

વર્દ્ધમાન અર્હન્ત ૨૪ મા તીર્થંકર મહાવીર છે. બૌદ્ધોની પેઠે જૈનો પણ તીર્થંકરોનાં હાડકાં વિગેરેને પૂજતા હતા. તેમના ગ્રંથોમાં કેટલેક ઠેકાણે કહેલું છે કે મૃત્યુવશ થયા પછી તીર્થંકરોના શરીરને અગ્નિસંસ્કાર દેવો આપે છે. તથા તેમના હાડકાં વિગેરેને તેઓ પૂજા માટે સ્વર્ગમાં લઇ જાય છે. હાલના જૈનદેવાલયોમાં સ્તૂપ અગર તીર્થંકરોનાં હાડકાંની પૂજા જોવામાં આવતી નથી, પણ બેશક એટલું તો નક્કી કે આ પ્રમાણે એક વખત હતું અને તે એટલે સુધી કે તેરમા સૈકામાં મથુરામાં જૈનો એક સ્તૂપને તીર્થંકર સુપાર્શ્વનું સ્તૂપ છે એમ ગણીને પૂજતા હતા.[3] હાલમાં ખરતરગચ્છના જૈન સાધુઓ 'થાપના' નામનો પંચ દાંતવાળો એક ચંદનનો પ્યાલો પૂજા માટે વાપરે છે અને આ તીર્થંકરોના જડબાંની નકલ છે. તેજ પ્રમાણે સાધ્વીઓ જે શંખને થાપના તરીકે પૂજામાં વાપરે છે તેને તેઓ મહાવીર સ્વામીના ધુંટણનું હાડકું ગણે છે.*

૧ મૂળમાં 'આયતન' શબ્દ છે જેનો અર્થ મોટું દેવાલય થાય છે. ગણિકાનું દેવાલય મોટા દેવાલયની પાસે બાંધ્યું હશે અને તે નાનું હશે.

૨ મૂળમાં 'નિકાયે' છે. પણ જો 'નિકાયસ' ન વાંચવામાં આવે તો લેખનો સારો અર્થ નીકળી શકતો નથી.

૩ જૂઓ.—જિનપ્રભસૂરિનું વિવિધ 'તીર્થકલ્પ'.

* હાલમાં તપાગચ્છમાં જે સ્થાપનાચાર્ય રખાય છે તેને ઉદ્દેશીને આ ઉલ્લેખ છે. પરંતુ આના વિષયમાં પંડિતજીની જે કલ્પના છે તે વાસ્તવિક છે કે કેમ તે ખાસ વિચારવા જેવી છે. કલ્પના રમણીય છે.—સંગ્રાહક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરથી પ્રતિપાદન થાય છે કે સ્તૂપની તથા વૃક્ષની પૂજા પહેલાં જૈનોમાં પ્રચલિત હતી. ઉદયગિરિની ગુહાઓમાં બૌધ્ધોની એકે પ્રતિમા નથી તેમજ અર્વાચીન બૌધ્ધોએ પશ્ચિમ હિંદની બૌદ્ધ ગુહાઓમાં બેસાડેલી પ્રતિમાઓમાંની પણ એકે નથી. ઉલટું, કેટલીક અર્વાચીન ગુહાઓમાં તીર્થંકરોની જૈનપ્રતિમા તથા યક્ષ અને દેવોની પ્રતિમાઓ કોતરેલી છે અને ઉદયગિરિનો બીજો ભાગ જેને ખંડગિરિ કહે છે તેના ઉપર હજુ પણ દિગમ્બર જૈનોનાં દેવાલયો છે. આ સર્વ ઉપરથી એમ જણાય છે કે તેનો બૌદ્ધધર્મ કરતાં જૈનધર્મ સાથે વધારે સંબંધ છે.[1]

અર્હન્તો તથા સિધ્ધોને નમસ્કાર કર્યા બાદ લેખમાં ખારવેલ રાજાનો જન્મથી માંડીને ૩૮ વર્ષ સુધીનો વૃત્તાંત આપેલો છે. તેને ચૈત અગર ચૈત્રરાજવંશનો વિસ્તાર કરનાર કહેવામાં આવ્યો છે; અને આ વિશેષણ તે આ વંશનો છે એટલું જણાવવા માટે જ માત્ર વાપરવામા આવ્યું છે. તેથી એમ સ્પષ્ટ રીતે અનુમાન થઈ શકે કે ખારવેલ રાજા ચૈત્ર વંશનો હતો. આ રાજાના બીજાં વિશેષણો 'વેર' ' મહારાજ ' અને 'મહામેઘવાહન' તથા ' કલિંગાધિપતિ ' છે. 'વેર'નો શો અર્થ છે એ સંતોષકારક રીતે સમજાવી શકાય તેમ નથી; પણ હું ધારૂં છું કે તેને બદલે 'વીર' જોઈએ. મહારાજ શબ્દ માત્ર તેની મોટાઇ દર્શાવવાનેજ વાપરવામાં આવ્યો છે. 'મહામેઘવાહન' નો અર્થ ' જેનું વાહન મોટો મેઘ છે, એવો છે. જે ઉપરથી એમ જણાય છે કે એના રાજ્યના જે હાથીઓ ઉપર આ રાજા બેસતો તેનું નામ 'મહામેઘ' હશે. 'કલિંગાધિપતિ' ઉપરથી એમ સૂચિત થાય છે કે તે કલિંગનો રાજા હતો. રાજ્યગાદી ઉપર બેઠા પહેલાનાં તેનાં ચોવીશ વર્ષનો હેવાલ આ પ્રમાણે છે. પ્રથમના પંદર વર્ષો રમત ગમતમાં ગયાં; બાકીનાં નવ વર્ષમાં તે લખવાનું, ચિત્રકામ, હિસાબ અને કાયદાકાનુનો શીખ્યો તથા યુવરાજપદ ભોગવતો હતો. આ ઉપરથી એમ જણાય છે કે યુવરાજની સ્થિતિમાંજ તેણે આ અભ્યાસ કર્યો. જ્યારે તે ચોવીશ વર્ષનો થયો ત્યારે તે તખ્તનશીન થયો, ત્યારબાદ બીજાં ૧૩ વર્ષમાં તેણે કરેલાં ઉપયોગી કામો વિષે લેખમાં વર્ણન આવે છે:—

પ્રથમ વર્ષમાં તેણે દરવાજા, કિલ્લો તથા મહેલો જે જીર્ણ થયાં હતાં તે તથા કલિંગ શહેર તેમજ તેને ફરતો કોટ સમરાવ્યો. તેણે પાણીના હોજ તથા કુવા બંધાવ્યા, બધી જાતનાં વાહનો રાખ્યાં અને તેના નગરમાં ૩,૫૦,૦૦૦ માણસો હતાં.[2]

---

૧ સરખાવો—જનરલ કનીંગહામનું, આર્કીઓ૦ સર્વે૦ પુ. ૧૩, પૃ. ૮૪ તથા કારપસ ઇંસ્ક્રીપ્શ્યાનમ ઇંડીકરમ, પૃ. ૨૭.

૨ આ ઘણી મોટી સંખ્યા છે. આ માત્ર અનુમાન હશે, કારણકે તે વખતમાં સેન્સસ નહોતી. માત્ર તેનો અર્થ એટલોજ છે કે શહેર ઘણું ભવ્ય હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા વર્ષમાં (રાજા) સાતકની (સં. [1]શાતકર્ણી) એ તેના (ખારવેલના હુમલા)થી પશ્ચિમ ભાગને બચાવવા માટે (ખંડણી તરીકે) ઘોડા, હાથીઓ, માણસો, રથ તથા પુષ્કળ ધન મોકલ્યું. તેજ વર્ષમાં તેણે મસીક (?) શહેર કુસુમ્બ (?) ક્ષત્રીઓની મદદથી લીધું.

ત્રીજા વર્ષમાં તે ગીત વિદ્યા શિખ્યો અને નાચ, ગાયન અને વાજીંત્રો તથા આનંદોત્સવોથી લોકોને તેણે આનંદ પમાડ્યો.

ચોથા વર્ષનો હેવાલ તૂટી ગયો છે અને સંબંધ પણ બેસતો નથી. એટલું તો જાણી શકાય છે કે ધર્મકૂટ ટેકરી ઉપરનું એક જુનું ચૈત્ય તેણે સમરાવ્યું અને તેમાં છત્ર તથા કલશો આણી આપ્યા અને તેની પૂજા કરી.[2] તે કહે છે કે રાષ્ટ્રીક અને ભોજક, તેના ખંડીઆ રાજાઓમાંના ત્રિરત્નમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે તેણે આ પ્રમાણે કર્યું હતું.

પાંચમું વર્ષ દાનનું છે. આ વર્ષમાં તેણે નન્દરાજાનો ત્રિવાર્ષિક સત્ર પુનઃ શરૂ કર્યો અને પાણીની સવડ કર્યાનું દેખાય છે. (Water Works Scheme) પણ આ ભાગ ભાંગી ગયો છે તેથી અર્થ શંકાયુક્ત છે.

છઠ્ઠા વર્ષનો અહેવાલ ઘણો ખરો જતો રહ્યો છે પણ આ વર્ષમાં તેણે લોકોપયોગી લાખો કામો કર્યાનું જણાય છે.

સાતમા વર્ષનો હેવાલ બધો જતો રહ્યો છે.

જે આઠમા વર્ષનો હેવાલ છે તે એક ઐતિહાસિક દૃષ્ટિથી ઘણો ઉપયોગી છે. પરંતુ તેનો એક ભાગ જતો રહ્યો છે એ શોકની વાત છે. આ વર્ષમાં એક રાજા જેણે બીજા રાજાને મારી નાંખ્યો હતો અને જે રાજગૃહના રાજાને દુઃખ આપતો હતો, તે ખારવેલના પાછળ પડવાથી તથા ખારવેલના લશ્કરના મોટા અવાજથી મથુરામાં નાઠી ગયાનું કહેવામાં આવ્યું છે. આ રાજાઓ કોણ હતા તે ભાંગેલા ભાગમાં જતું રહ્યું છે.

નવમા વર્ષમાં તેણે કરેલાં કેટલાંક કામો વિષે ઉલ્લેખ છે. ઘણો ભાગ ભાંગી

૧ આ લેખના અક્ષરો નાનાઘાટ લેખના અક્ષરો જેવા છે તેથી હું ધારૂં છું કે આ સાતકની તે કદાચ નાનાઘાટ બાવલામાંના ચોથા બાવલાનો શ્રી સાતકની હોય. સરખાવો—બોમ્બે ગેઝેટીઅર, પુ. ૧૬, નાશીક ગુહા ઉપરની ટીકા.

૨ આ લેખમાં આથી કાંઈ વધારે હોય તેમ લાગે છે. (જો કે સ્પષ્ટ નથી, કારણકે એ ભાગ કેટલીક જગ્યાએ ખંડિત થએલો છે.) તે એ છે કે કલિંગના પહેલાંના રાજાઓને આ ચૈત્ય સાથે કોઈ જાતનો સંબંધ હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો છે પણ જે ભાગ રહ્યો છે તે ઉપરથી એમ જણાય છે કે તેણે તે વર્ષમાં એક કલ્પવૃક્ષની[1] બક્ષીસ કરી અને તેની સાથે ઘોડા, હાથીઓ, રથો, ઘરો તથા અન્ય ઉત્તમ વસ્તુઓ બ્રાહ્મણોને દાન કરી. વળી તેણે 'મહાવ્યય*' નામનો એક પ્રાસાદ બંધાવ્યો જેનું ખર્ચ ૨૮૦૦૦૦ થયું.

દસમા વર્ષની હકીકતમાંથી ઘણો ભાગ જતો રહ્યો છે; તથા અગીઆરમા વર્ષની તદ્દન જતી રહી છે. દસમા અને બારમા વર્ષ વચ્ચેનો હેવાલ તુટક તુટક છે અને જોકે તેનો સંબંધ સંતોષકારક રીતે જાણી શકાય તેમ નથી તોપણ નીચે પ્રમાણે અનુમાનો ઘડી શકાય, કે દસમા વર્ષમાં તેણે હિંદુસ્થાનની યાત્રા કરી અને જ્યારે તેને ખબર પડી કે કેટલાક રાજાઓ તેના ઉપર ચઢાઈ કરવાના છે ત્યારે તેણે પગલાં લેવા માંડ્યાં. ત્યાર બાદ ઘણા ભાગે અગીયારમા વર્ષની હકીકત આવે છે. એ વર્ષમાં તેણે ગર્દભનગરમાંથી પહેલાંના રાજાઓએ નાંખેલો એક કર કમી કર્યો. ત્યારબાદ જે આવે છે તે અસંબદ્ધ છે તથા તેનો કેટલોક ભાગ નાશ પામ્યો છે. પણ કાંઇક ૧૩૦૦ વર્ષ પછી પુન: શરૂ કર્યાનું કહેલું છે.

બારમા વર્ષમાં ઉત્તરાપથ ( ઉત્તર ) ના જુલમી રાજાઓ વિષે કાંઈક કહેલું છે. ત્યારબાદ જે આવે છે તે જતું રહ્યું છે તેથી તેનો સંબંધ કળી શકાય તેમ નથી. પણ ઘણુંખરૂં ખારવેલે તેમના ઉપર ચઢાઈ કરી હશે. ત્યારબાદ ખારવેલે મગધના રાજાને બીક બતાવી અને તેના હાથીઓને ગંગામાં સ્નાન કરાવ્યું એટલે કે ગંગા સુધી જઇ પહોંચ્યો; તેણે મગધરાજાને શિક્ષા કરી અને પોતાના પગ તરફ નમાવ્યો. ત્યારબાદ કોઇક નંદરાજ જેણે જૈનોના અગ્રજિન આદીશ્વર ( ની મૂર્તિ ) અગર અગ્રજિનનું કાંઇક લઇ લીધું હતું તે રાજા વિષે છે અને આ મૂર્તિ અગર વસ્તુ ખારવેલ પાછી લાવ્યો છે. ત્યારબાદ મગધમાં વસેલા એક શહેરનું વર્ણન છે, પણ તેના પછીનો ભાગ જતો રહ્યો છે. ત્યારબાદ ખારવેલે કાંઇક બંધાવ્યાનું વર્ણન છે કે જેમના શિખર ઉપર બેસીને વિદ્યાધરો આકાશમાં જઇ શકે. તેનો અર્થ એવો હોવો જોઇએ કે આ મકાનો ઘણાંજ ઉંચાં હતાં. ત્યારબાદ ખારવેલે એક હાથીનું

* લેખમાં 'મહાવિજય' શબ્દ છે અને તેના સંસ્કૃત તથા ઇંગ્રેજી બન્ને અનુવાદોમાં પણ 'મહાવિજય ( Mahavijaya )' શબ્દ જ વાપરવામાં આવ્યું છે છતાં આ ઠેકાણે પંડિતજી તેનું નામ 'મહાવ્યય ( Mahavyaya )' આપે છે તેનું કારણ સમજાતું નથી. કદાચ ભૂલથી 'મહાવિજય' ના ઠેકાણે 'મહાવ્યય' લખાઇ ગયું હોય.—સંગ્રાહક.

૧ કલ્પવૃક્ષનું દાન આઠ મહાદાનમાંનું એક છે. તે ચારથી આઠહજાર રૂપીઆભારનું એક સોનાનું ઝાડ, ઘોડા, હાથી તથા ઘરાણાં સહિત બ્રાહ્મણોને આપવામાં આવતું. સરખાવો—હેમાદ્રિનો 'ચતુર્વર્ગચિન્તામણિ' ધાનખંડ, પ્રકરણ ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાન કર્યું જે દાન તેણે પહેલાં અગર પછીનાં સાત વર્ષમાં કર્યું નહોતું. ત્યારબાદ જે આવે છે તે તુટી ગયું છે. પણ તેમાં તેણે જીતેલા કોઇ દેશનું વર્ણન આવે છે.

તેરમા વર્ષમાં કુમારી ટેકરી ઉપર આર્હત-દેવાલયની નજીક, બહારની બેઠકની પાસે, કાંઈ કામ કર્યાનું કહેલું છે, પણ શું કર્યું છે તે જતું રહ્યું છે. કારણ કે આ ભાગ તુટી ગયો છે. ત્યારબાદ વિદ્વાનો તથા વિશ્વવંદ્ય યતિઓની એક સભા બોલાવ્યાનું કહેલું છે. અને કાંઇક, કદાચ એક ગુહા, આર્હત બેઠકની નજીક ખડકમાં, ઉદયગિરિઉપર હુશિયાર કારીગરોના હાથે કરાવ્યાનું કહેલું છે તથા વૈડૂર્યગર્ભ, પટાલક અને ચેતકમાં[1] સ્તંભો કરાવ્યા વિષે છે. આ કામ મૌર્ય સંવત્ ૧૬૪ પછી ૧૬૫ મા વર્ષમાં કરાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ ખારવેલની વંશાવળી આપી છે.

ખેમરાજ ( તેનો પુત્ર ).
વૃદ્ધરાજ ( તેનો પુત્ર ).
ભિક્ષુરાજ.

આ લેખમાં બતાવ્યા પ્રમાણે ભિક્ષુરાજ ખારવેલનું બીજું નામ હોય તેમ લાગે છે. ભિક્ષુરાજ, રાજ્યનું પાલન કરનાર, સુખ ભોગવનાર, અનેક સદ્‌ગુણસંપન્ન, સર્વધર્મપર આસ્થાવાળો,..........સંસ્કાર પાડનાર, રાજ્ય, વાહનો અને એક અજીત લશ્કરવાળો, રાજ્યની લગામ હાથ કરનારો, દેશને પાળનાર, મહારાજાઓના વંશમાં ઉત્પન્ન થએલો, આ મહાન્ ખારવેલ રાજા છે.

અહિંઆ કહેલી સદી મૌર્ય સદી છે. હજુ સુધી મૌર્ય રાજકાલ કોઇ ઠેકાણે જોવામાં આવ્યો નથી અને તેથી નક્કી કરવું જોઇએ કે આ સદી કયાંથી શરૂ કરવાની છે. પ્રશ્ન એ છે કે આ સદી પ્રથમ મોર્યરાજા ચંદ્રગુપ્તથી અગર એ વંશના કોઇ બીજા રાજાથી શરૂ કરવાની છે? હું ધારૂં છું કે તે અશોકના આઠમા વર્ષથી શરૂ થાય છે. તેનાં બે કારણો છે:—( ૧ ) આ લેખ કલિંગ રાજાનો છે ( ૨ ) અને અશોકના તેરમા લેખમાં તે કહે છે કે, મારા આઠમા વર્ષમાં મેં કલિંગ જીત્યું તે વખતે ઘણા માણસોનો ઘાણ નીકળી ગયો; પણ તેને માટે તે નાખુશ છે, પરંતુ તે આથી સંતોષ માને છે કે સલાહ સ્થપાઇ હતી તથા ધર્મ આગળ વધ્યો હતો. આવી મોટી જીતથી કલિંગના લોકો નવી સદી શરૂ કરે અને આ વર્ષને આ સદીનું પ્રથમ વર્ષ માનિએ તથા અશોકની રાજ્યગાદી બેઠાની મિતિ કે જે હવે નક્કી થઇ ગઇ છે, તો આ લેખની મિતિ હંમેશને માટે નક્કી કરી શકાય.

૧ પટાલક અને ચેતક કદાચ ગુહાઓનાં નામ છે અને વૈદૂર્યગર્ભ તેમનો એક ભાગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કે અશોકના તખ્તનશીન થયાની મિતિ વિષે ભિન્ન ભિન્ન મતો છે પણ તે થોડાક વર્ષના અરસામાં નક્કી થાય તેમ છે. જનરલ કનીંગહામની ગણતરી પ્રમાણે ( અને જે મારા મત પ્રમાણે ખરી છે ) અશોકની તખ્તનશીન થયાની મિતિ ઇ. સ. પૂર્વે ૨૬૩ છે. એ પ્રમાણે તેના કલિંગ જીત્યા પછીનું આઠમું વર્ષ ( અને કદાચ તે વખતે આ સદી શરૂ થઇ હશે ) ઇ. સ. પૂર્વે ૨૫૫ છે. ખારવેલે કેટલાંક કામો ઉદયગિરિ ટેકરી ઉપર કરાવ્યાં તેની મિતિ ૧૬૫ મૌર્ય સંવત્ અગર ( ઇ. સ. પૂર્વે ૨૫૫-૧૬૫ ) ઇ. સ. પૂર્વે ૯૦. તે ખારવેલના તખ્તનશીન થયાનું તેરમું વર્ષ છે જે તેની મિતિ ઇ. સ. પૂર્વે ૧૦૩ આવે છે અને તે ૯ વર્ષ પહેલાં યુવરાજ થયો તેથી ઇ. સ. પૂર્વે ૧૧૨ માં યૌત્રરાજ્ય શરૂ થયું. અને પહેલાં પંદર વર્ષ રમતમાં ગયાં તેથી ખારવેલની જન્મતિથિ ઇ. સ. પૂર્વે ૧૨૭ છે. તેના બાપ તથા પિતામહને માટે વીસ વીસ વર્ષ ગણતાં નીચે પ્રમાણે યાદી થાય છે.

ખેમરાજ ( સં. ક્ષેમરાજ ) ( ઈ. સ. પૂર્વે ૧૬૭ )
બુધરાજ ( સં વૃદ્ધરાજ ) ( ,, ૧૪૭ )
ભિખુરાજ ( સ . ભિક્ષુરાજ )
અગર
ખારવેલ
જન્મ ઇ. સ. પૂર્વે ૧૨૭.
યુવરાજ થયો-ઇ. સ. પૂર્વે ૧૧૨.
રાજ્ય ઉપર બેઠો ઇ. સ. પૂર્વે ૧૦૩.
ઉદયગિરિ ઉપર કામો ,, ૯૦.

બીજો લેખ ખારવેલની સ્ત્રીનો છે. જે પોતાને લાલકના પૌત્ર હાથીસાહ (હાથીસિંહ) ની પુત્રી તરીકે ઓળખાવે છે. ત્રીજા લેખમાં એમ કહેલું છે કે જે ગુહામાં એ કોતરેલો છે તે ગુહા વક્રદેવ રાજાની બક્ષીસ છે. આ લેખમાં વક્રદેવનાં જે વિશેષણો છે તે ખારવેલના જેવાંજ છે:—વેર, કલિંગાધિપતી, અને મહામેઘવાહન. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે બન્ને એકજ વંશના છે. આ લેખના અક્ષરો ખારવેલના લેખના અક્ષરોના જેવા, કદાચ અર્વાચીન છે; પણ પ્રાચીનતો નહિજ; અને ખારવેલના પહેલાંના બે રાજાઓને આપણે જાણીએ છીએ તેથી નક્કી વક્રદેવ તેના પહેલાં હોય નહિ. કદાચ તે તેનો પુત્ર અને વારસ હોય. જે ગુહામાં ત્રીજો લેખ છે તે ગુહામાં ચોથો લેખ છે. જેમાં ' વદુખ રાજાનું લયન ' લખેલું છે અને અક્ષરો સરખા છે તેથી વદુખ તે વક્રદેવનો પુત્ર હોય તેમ લાગે છે. આ ઉપરથી નીચે પ્રમાણે યાદીનો કોઠો ઘડી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેમરાજ ( સં. ક્ષેમરાજ )
| ( ઇ સ. પૂર્વે ૧૬૭ )
વુધરાજ ( સં. વૃદ્ધરાજ )
| ( ઇ. સ. પૂર્વે ૧૪૭ )
|
ભિખુરાજ ( સં. ભિક્ષુરાજ )
અગર ખારવેલ, રાજ્ય શરૂ કર્યું—પરણ્યો—કન્યા.
( ઈ. સ. પૂર્વે ૧૦૩ )

લાલક.
| ( ઇ. સ. પૂર્વે ૧૮૦ )
( નામ નથી )
| ( ઇ. પૂર્વે ૧૬૦ )
હસ્તીસાહ.
અગર ( ઈ. સ. પૂર્વે ૧૪૦)
હસ્તીસિંહ.
|
કન્યા.
|
વકદેવ
| ઈ. સ. પૂર્વે ૯૫ )
વદુખ
( ઇ. સ. પૂર્વે ૭૫. )

(અપૂર્ણ).

---

યાત્રિક બંધુઓ અને બ્હેનોને ખાસ

## અગત્યની સૂચના.

લેખક—સદ્ગુણરાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ પાલીતાણા ( સિદ્ધક્ષેત્ર )

૧ શત્રુંજય તીર્થની સર્વોત્તમતા જાણી તેની કોઇપણ પ્રકારની આશાતનાથી દૂર રહેવા પ્રયત્ન કરવો.

૨ કયાંય કોઇપણ પ્રકારની આશાતના થતી જણાય તે દૂર કરવા—કરાવવા સુજ્ઞ જનોએ બનતું લક્ષ રાખવું.

૩ યાત્રાદિ શુભ પ્રસંગે અંગશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, મનશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ, પુજોપગરણશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ ( ન્યાયદ્રવ્ય ) અને વિધિશુદ્ધિ એ સાતે શુદ્ધિનો અવશ્ય ખપ કરવો. “ સાતે શુદ્ધિ સમાચરી, કરીએ નિત્ય પ્રણામ. ”

૪ એકાગ્ર મને બરાબર લક્ષ ( ઉપયોગ ) રાખી, વિધિ સહિત, સ્વશક્તિને ગોપવ્યા વગર ધર્મકરણી કરવી.

૫ ખાસ માંદગી કે અશક્તિના કારણ વગર ઢીલા બની, પરજીવને પીડા ઉપજે એવા ડોળી વિગેરે વાહનમાં બેસવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ જયણા રાખીને જ જવું આવવું; વાટમાં વિકથા–નકામી કુથલી નહિ જ કરતાં, શુભ ધ્યાનવડે વખતને લેખે કરવો.

૭ અનંતાઅનંત જીવો જ્યાં મોક્ષે ગયા છે, તે ભૂમિની ભવ્યતા-દિવ્યતા વિચારી જડ વસ્તુ ઉપરની મમતા ઉતારવી.

૮ ઉત્તમ વિચાર, વાણી અને આચારવડે સ્વપરનું અધિક હિત સધાય તેવું જ શુભ લક્ષ રાખ્યા કરવું.

૯ તીર્થંકરાદિક મહાપુરૂષોનાં ઉદાર ચરિત્ર સાંભળી (વાંચી–વિચારી) આપણે તે ઉપરથી જરૂર ધડો લેવો. તેવા થવા પ્રયત્ન કરવો.

૧૦ ઉત્તમ ભાવનાવડે જ ઉત્તમતા આવે છે; એ સત્ય સમજી કોઇ નબળી ભાવનાને મનમાં સ્થાન ન જ આપવું.

૧૧ સહુને આત્મસમાન લેખી, કોઇને પ્રતિકૂળતા ઉપજે એવું કંઇપણ કરવું, કરાવવું કે અનુમોદવું નહિ.

૧૨ સહુ કોઇ સુખી થાઓ! દુઃખી ન થાઓ! સહુ સન્માર્ગે જ ચાલો! ઉન્માર્ગે ન જ ચાલો! એમ સદાય ઇચ્છવું.

૧૩ ધર્મના જ અભ્યાસથી સુખી થયેલા ભાગ્યશાળી ભવ્યજનોને જોઇ રાજી ( આનંદિત ) થાવું; દીલગીર ન જ થાવું.

૧૪ કોઇ દીન દુઃખી નિરાશ્રિતને દેખી કે જાણી તેનું દુઃખ દૂર કરવા તન, મન ધનથી બનતી કોશીશ કરવી.

૧૫ કોઇપણ નીચ-નાદાન જીવ સુધરી ન જ શકે તો તેને કર્મવશ જાણી છેડવો નહિ પણ સમભાવે રહી સ્વહિત સાધ્યા કરવું.

૧૬ કઇક ભાગ્યશાળી જનો સંઘપતિ થઈ, સંઘની ભક્તિ કરવા આવે છે તો આપણાથી બની શકે તેટલી સાધર્મી ભક્તિ અવશ્ય કરવી. તન મન ધનથી અનેક પ્રકારે ભક્તિ થઈ શકે છે.

૧૭ તીર્થ ભેટવા આવતા યાત્રિક જનોની હરેક પ્રકારની સગવડ યથાશક્તિ સાચવવા ચીવટ રાખવી એ ખરી ભક્તિ સમજવી.

૧૮ જો લોભ–લાલચ મૂકી સંતોષવૃત્તિ રાખવામાં આવે તો દરેક ધર્મશાળાના મુનીમો પણ પુષ્કળ ભક્તિનો લાભ મેળવી શકે.

૧૯ શત્રુંજયાદિક સ્થાવર તીર્થને ભેટવા જતાં જંગમતીર્થરૂપ સાધુ પ્રમુખના સમાગમનો યા સદુપદેશનો પણ લાભ લેવા ચુકવું નહિ.

૨૦ શુદ્ધ દેવ ગુરૂ કે તીર્થરાજનાં દર્શન, વંદન, પૂજા, ભક્તિ વિગેરે ધર્મકરણી ધસમસીને જયણા રહિત કરવા કરતાં સ્થિર ઉપયોગથી કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ શુભ-શુદ્ધ લક્ષથી કરાતી સત્કરણી અહીંયા ક્ષેત્ર પ્રભાવથી અજબ લાભ આપે છે તેથી તેમાં પ્રમાદ સેવવો ઉચિત નથી જ.

૨૨ યાત્રાની સંખ્યા તરફજ લક્ષ રાખવા કરતાં તેની યથાર્થતા તરફ વધારે લક્ષ રાખી, સાર્થકતા કરવા કાળજી રાખવી જોઇએ.

૨૩ લોકોત્તર તીર્થોની યાત્રા યથાવિધિ કરવામાં આવે તો તેથી લોકોત્તર ( અલૌકિક ) ફળની પ્રાપ્તિ થઇ શકે એ સત્યજ છે.

૨૪ ગતાનુગતિકતા તજી, શાસ્ત્ર મર્યાદાને અનુસરી, જે ધર્મકરણી કરાય તેનું ફળ પણ યથાર્થ પ્રાપ્ત થઇ શકે છે.

૨૫ પ્રભુભક્તિ પ્રસંગે વપરાતાં ફૂલ કે ફૂલહારને પણ વિરાધના ન થાય તેમ સહુ કોઇ ભક્તજનોએ લક્ષ રાખવું જોઇએ.

૨૬ જિનમંદિરોમાં દીપમાળાથી ફૂદાં વિગેરે જીવોની વિરાધના ન થાય તેમ વિવેકથી ગોઠવણ કરવી જોઇએ.

૨૭ દરેક ધર્મકરણી કરતાં જયણા સાચવવા અને આત્મલક્ષ સુધારવા ભણી અધિકાધિક કાળજી રાખવી જોઇએ.

૨૮ રાગ, દ્વેષ, કષાયયાદિ દોષોને ટાળી શુદ્ધ સ્ફાટિક રત્ન જેવું આત્માનું સ્વાભાવિક રૂપ પ્રગટ કરવાનુંજ મુખ્ય લક્ષ હોવું જોઇએ.

૨૯ પંચપ્રકારી, અષ્ટપ્રકારી, સત્તરપ્રકારી, એકવીશપ્રકારી વિગેરે દ્રવ્યપૂજા કરતાં પ્રભુ પાસે એજ આત્મલક્ષ પ્રાર્થવાનું છે.

૩૦ સ્તુતિ, સ્તોત્ર, સ્તવનાદિક વડે દેવવંદનરૂપે ભાવપૂજા કરતાં પણ ખાસ કરીને એજ આત્મલક્ષ રાખવાનું છે.

૩૧ પ્રભુની દ્રવ્યપૂજા વિધિયુકત કરાય તો તે વિઘ્નનાશિની, અભ્યુદય જનની અને નિર્વાણદાતા થાય છે.

૩૨ શુદ્ધ અંતઃકરણથી ભાવપૂજા ( પ્રાર્થનાદિક ) કરવામાં આવે તો તે શીઘ્ર અક્ષયપદ-મોક્ષફળ આપે છે.

૩૩ આ લોક કે પરલોક સંબંધી કંઇપિણ તુચ્છ સુખેચ્છા રાખ્યા વગર કરાતી કરણી અલૌકીક ( અક્ષય ) ફળ આપે છે.

૩૪ ઉત્તમ ધર્મ-રત્નની પ્રાપ્તિ કરવા માટે અક્ષુદ્રાદિક ૨૧ ગુણ મેળવી લેવા ભવ્યજનોએ જરૂર ખપ કરવો જોઇએ.

૩૫ ન્યાય-નીતિથી દ્રવ્યોપાર્જન પ્રમુખ માર્ગાનુસારીપણાના પાંત્રીશ ગુણોનું આસેવન પણ અવશ્ય કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૬ શાસ્ત્રોકત છરી પાળવા, યાત્રિક મહાશયોએ, ઉત્તમ તીર્થરાજની યાત્રા પ્રસંગે તો અવશ્ય લક્ષ રાખવું જોઇએ.

૩૭ આપમતે સારી બુદ્ધિથી પણ કરેલું સઘળું સારૂં ફળ નથી આપતું; તેથી નમ્રપણે જરૂર શિષ્ટાચાર સેવવો જોઇએ.

૩૮ જ્યાંસુધી સદાચાર અસ્ખલિતપણે પાળવામાં ન્યૂનતા રહે, અને તે દૂર કરવા બાહ્ય પ્રેરણાની જરૂર પડે ત્યાંસુધી તો સદ્‌ગુરૂના ચરણકમળની સમીપતા ઉપાસના મૂકી દેવી અનુચિતજ છે. તથા-પ્રકારની યોગ્યતા યોગે ગુરૂ આજ્ઞાજ પ્રમાણ કરવી.

૩૯ શુદ્ધ દેવ-ગુરૂની આજ્ઞાનું યથાશકિત પાલન કરવામાંજ સ્વહિત સમાયેલું છે.

૪૦ જંગમ તીર્થરૂપ જ્ઞાની ગુરૂ આપણને સદાય સન્માર્ગમાંજ યોજવા ઇચ્છતા હોય છે તેથી તેઓ આપણી યોગ્યતા મુજબ જે હિતમાર્ગ બતાવે તે નિ:શંકપણે અને નિર્ભયપણે અનુસરવોજ યુકત છે.

૪૧ સદ્‌ભાગ્યે પ્રાપ્ત થયેલ બુદ્ધિ, ધન, યૌવન અને જીવિતને સફળ કરી લેવાં, તેનો સદુપયોગ કરવા પ્રમાદ કરવો નજ જોઇએ. ભાગ્યવગર સતસામગ્રી ફરી ફરી મળવી દુર્લભજ છે.

૪૨ આતો પરભવની કમાણી ખવાય છે. અગમચેતીપણે આવતા ભવ માટે ખરી કમાણી અવશ્ય કરી લેવી જોઇએ.

૪૩ જાગતાને ભય નથી, ઉંઘતાનેજ ભય છે એમ સમજી દુષ્ટ પ્રમાદ તજીને આત્મસાધન કરી લેવા સહુએ સાવધાનતા રાખવી જરૂરની છે.

૪૪ હાથમાં બાજી છે ત્યાંસુધી સાધી શકાશે. દવ બળે ત્યારે કુવો ખોદવો નકામો છે-અશકય છે.

૪૫ ખરી ભક્તિ કલ્પવેલી, કામધેનુ, કામકુંભ કે ચિન્તામણિ રત્ન જેવી છે. તે મુકિતને પણ ખેંચી લાવે છે. એમ સમજી શુદ્ધ દેવ, ગુરૂ અને સ્વધર્મી પ્રત્યે અંત:કરણનો ખરો પ્રેમ જગાડવો એજ સાર છે.

ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *Necessity of Chawls for the Poor & Middle Class Jain jn Bombay.*

With a view to revive the interest of the Jain Public on the above subject. I venture to take this opportunity of writing few lines as I have noticed with regret that this important qvestion has not met with that sympathetic consideration among the wealthy Jains residing in the City of Bombay as it deserves. Bombay the Urbs Prima in Indis has over twenty thousand Jain Residents. The first step towards the moral and social welfare of a community is necesarily the Housing problem for its humbler classes without which it is futile to preach sanitation aud look for any material advancement cheap and sanitary dwellings besides appreciably diminishing the high percentage of death rate should tend to lighten the burden of living which is becoming dearer and dearer as time passes as a great portion of the income is spent for rents. Which might have been possibly saved to meet unforeseen difficulties such as sickness &c. It must be recognised that plague, cholera, consumption and a host of other diseases are directly the outcome of insanitary dwellings and surroundings. The following statistical figures of the mortality returns from the Annual Report of the Health Department of the Bombay Municipality for the year ending 31st. March 1916 show how frightful and terrible is the death rate among Jains in the city of Bombay as compared with that of other communities as well as the same far the whole city of Bombay which is 24·17 per thousand in the year under reference—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| Race | Population | Total No. of deaths. | %of death Rate per 1000 | % of death rateper 1000 from Plague. | %of infant mortality per 1000 |
|---|---|---|---|---|---|
| Jains. | 20460 | 890 | 43.49 | 2.50 | 752.20 |
| Brahmins. | 53656 | 972 | 18.11 | .48 | 535.58 |
| Parsees. | 50931 | 959 | 18.81 | .13 | 153.28 |
| Mahomedans. | 179346 | 5531 | 30.83 | .49 | 335.61. |

The Jain commnnity is blessed with having somewealthiest men in its fold and is it to their credit not to come tothe rescue of their humbler bretheren when the clarion voice of duty bids them to aid those that are in need? The Honourary Secretary of the Jain Association of India speaking on the low rented sanitary chawls gave out before the General Annual Meeting of that body so far back as January last that in these days of progress and civilization no oration or writings are needed to show innumerable advantages to the poor amongst our community by such sanitary but low-rented chawls, but I would ask my friend if he is in a position to show me any philanthrophic Jain who has come forward with his benevolence to mitigate the grievance in this direction till now. Of course one drop does not make an ocean but I might very well say that where "there is a will, there is a way." Hence I have to again and again draw the kind attention of those who are blessed with means to come forward and dip their hands deep in their pockets to make this long felt want a reality and thus remove the reproach that may be attributed to them before God for their apathy and indifference when they had power to lend a helping hand. and to do full justice to the question under consideration I once more desire to invite attentiou of the JAIN PUBLIC to make substantial and possible efforts with regard to Housing poor Jains in Bombay initiated on sound lines and preached with great earnestness. Bombay, 14-10-1916.

NAROTAM. B. SHAH.

For Private And Personal Use Only